# નારાયણ વિદ્યાલય, ભરૂચ.

## શાળાની જીવન યાત્રા અને નવતર પ્રયોગો

## નારાયણ ધ્વનિ અંક-૨૭ (વિશેષાંક : એપ્રિલ ૨૦૨૧)

## પ્રસ્તાવના

નારાયણ વિદ્યાલય એટલે પ.પૂ.નારાયણ બાપુના અસીમ આશીર્વાદ થકી શિક્ષણ જગતમાં પાંગરેલું પુષ્પ. દેશને મૂલ્યનિષ્ઠ, જ્ઞાનમય, ઉત્તમ, નાગરિકોની ભેટ મળી રહે તેવા શુભ આશયથી નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓના અથાગ પ્રયત્નો થકી **ઇ.સ. 1983માં નારાયણ વિદ્યાલયનું સર્જન થયું** જેમાં આદરણીય શ્રી જયંતિભાઇ ડી. પંચાલ, સ્વ. શ્રી રાવજીભાઇ પ્રજાપતિ, શ્રી હેમંતભાઇ આર. પ્રજાપતિ વગેરેએ શાળાને ગતિ આપવાનો પ્રયત્ન કર્યો છે. તથા શ્રી રણછોડભાઇ શાહ સતત શાળાનાં માર્ગદર્શક અને પ્રેરક બન્યાં છે. ટ્રસ્ટીશ્રીઓના આધ્યાત્મિક, ઉદારવાદી, સેવાભાવી વલણ અને દીર્ઘદૃષ્ટિને કારણે શાળાએ પ્રગતિના શિખરો સર કર્યા છે. પાયા સમાન શિક્ષણના અંગો જેમ કે સંચાલક મંડળ, સરકાર, આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થી, વાલીના સુભગ સમન્વય અને સહકાર થકી શાળા ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરીને સફળતાની ટોચે પહોંચી છે. આજે શાળાએ સમગ્ર ભરૂચ જિલ્લામાં એક વિશિષ્ટ મુકામ પ્રાપ્ત કર્યો છે. અત્યાર સુધી શાળામાં અનેક ચડતી-પડતી આવી છતાં શાળાના ટ્રસ્ટીશ્રીઓ, આચાર્યશ્રી તથા સ્ટાફનાં મજબૂત મનોબળ થકી તેમાંથી ઉગારી શાળાને અડીખમ રાખી છે.

શાળાની 38 વર્ષની કારકિર્દીમાં શાળાને અનેક દીર્ઘ દ્રષ્ટિવાન આચાર્યરૂપી સુકાનીઓ મળ્યાં. જેઓ શાળાને સતત પ્રગતિના પંથે વધારતા રહ્યાં. શાળાનાં પૂર્વ આચાર્યશ્રી વી. એન. ઘરીઆને રાજયનાં શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ પ્રાપ્ત થયો હતો. હાલના આચાર્ય ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ કે જેઓ Ph.D. ની પદવી ધરાવે છે. તેઓએ રાજય, રાષ્ટ્ર, આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેક સંશોધન પત્રો રજૂ કર્યા છે. આ સાથે ઘણાં એવોર્ડ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ છે. તેઓએ ગ્રીસ દેશનાં એથન્સની American English Medium School ની મુલાકાત લીધી હતી. શાળાને અનેક ઇનોવેટિવ આઇડિયા થકી શિક્ષણ જગતમાં અનેરું સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

શાળામાં નીતિમય, મૂલ્યનિષ્ઠ, વિષય પારંગત શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે સ્નેહસભર, ભાવાવરણ રચી, જ્ઞાનનું આદાન પ્રદાન કરી બાળકોનું જીવનઘડતર ઊભું કરે છે. શાળામાં સહકાર, સદાચાર, પવિત્રતાનું ભાવાવરણ સર્જાયું છે. શાળામાં ગરીબ, મધ્યમ વર્ગના બાળકો અભ્યાસ કરે છે. આ બાળકોને જ્ઞાનનું ભાથું પીરસી સહઅભ્યાસ પ્રવૃત્તિ દ્વારા તેમનામાં રહેલી સુષુપ્ત શકિતને કંડારવાનું કામ શિક્ષકો કરે છે અને છેક રાષ્ટ્ર, રાજય, જિલ્લા કક્ષાએ બાળકોએ ઉત્કૃષ્ટ દેખાવ કરી શાળાને ગૌરવાન્વિત બનાવી છે.

શાળાના **S.S.C., H.S.C. બોર્ડ પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પરિણામ આવ્યાં છે.** શાળાની સ્થાપના થઇ ત્યારથી અત્યાર સુધીમાં S.S.C. બોર્ડ પરીક્ષામાં **A1** ગ્રેડમાં **93** વિદ્યાર્થીઓ આવ્યાં છે. જયારે વિવિધ વિષયોમાં **52 જેટલાં વિદ્યાર્થીઓએ 100માંથી 100 ગુણ** મેળવ્યાં છે. H.S.C. બોર્ડ વિજ્ઞાન પ્રવાહમાં **16 વિદ્યાર્થીઓ A1 ગ્રેડ** અને વિવિધ વિષયમાં **19 વિદ્યાર્થીઓએ 100માંથી 100** ગુણ પ્રાપ્ત કરી શાળાની યશરૂપી કલગીમાં પીછાઓ પાથર્યા છે. H.S.C. બોર્ડ કોમર્સમાં **2 વિદ્યાર્થીઓ A1 ગ્રેડ**માં આવ્યા છે.

- **રાષ્ટ્રીય કક્ષાએ** બાળ વિજ્ઞાન કોંગ્રેસ આયોજિત **3 પ્રોજેકટ રાષ્ટ્રીય કક્ષાએ** શિક્ષિકા શ્રીમતિ કુસુમબેન માવરનાં માર્ગદર્શન હેઠળ રજૂ થયાં. ડીમાપુર, નાગાલેન્ડ ખાતે (શાહ અનેરી), જયપુર, રાજસ્થાન ખાતે (અદિતિ ઉનડકટ) વારાણસી, ઉત્તર પ્રદેશ ખાતે રાહુલ વાઘેલા એ કૃતિ રજૂ કરી અને **24 જેટલાં પ્રોજેકટનું રાજયકક્ષાએ** પ્રેઝન્ટેશન થયું છે.
- **યુનાઇટેડ સ્કૂલ ઓર્ગેનાઇઝેશન ઓફ ઇંગ્લીશ દ્વારા લેવાયેલ પરીક્ષામાં શાળાના વિદ્યાર્થી મારૂ આશિષ એ સમગ્ર રાષ્ટ્રમાં છઠ્ઠો ક્રમ પ્રાપ્ત કર્યો.** રાષ્ટ્રીય કક્ષાએ વિજ્ઞાન મેળામાં શાળાની કૃતિ અમદાવાદ ખાતે રજૂ થઇ હતી.
- **છત્તીસગઢ ખાતે નેશનલ યંગ મૂડો ગેઇમ્સમાં ચૌહાણ ભવ્ય પી.એ. બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો.** જયારે ગોવા ખાતે કરાટે યંગમૂડો સ્પર્ધામાં પ્રજાપતિ નિખિલે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો.
- શાળાનાં ઉ.મા.વિ. ના શિક્ષકશ્રી અલ્પેશભાઇ પટેલે ઇનોવેટિવ મેથડ ઓફ ટીચીંગ વિષય પર સંશોધન કરી ફરીદાબાદ, દિલ્હીમાં પ્રેઝન્ટેશન કર્યુ.
- **રાજય કક્ષાએ 67** થી વધુ વિવિધ સ્પર્ધાઓમાં શાળાનાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લઇ પોતાની પ્રતિભાને ઉજાગર કરી છે.

❖ શિક્ષકો વર્તમાન પ્રવાહોથી સજજ રહે અને સતત પરિવર્તન પામતાં શિક્ષણ જગતમાં અપડેટ અને અપગ્રેડ થાય તેવા હેતુસર શાળામાં **15 જ્ઞાનસત્રો યોજાઇ ચૂકયાં છે.** જેમાં શાળાના શિક્ષકો દ્વારા જુદાં-જુદાં **568 વિષયો પર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યાં છે.** આચાર્યશ્રી દ્વારા શિક્ષકોને શૈક્ષણિક અને સંશોધનાત્મક વિષયો આપવામાં આવે છે. જેના પર શિક્ષકો પોતાનું પ્રેઝન્ટેશન કરે છે. સાથે પ્રશ્નોત્તરી થકી જ્ઞાનનું આદાન-પ્રદાન થાય છે.

❖ અત્યાર સુધીમાં વિવિધ ક્ષેત્રોના **208 જેટલાં મહાનુભવોએ વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે વ્યાખ્યાન અને વાર્તાલાપ** આપ્યાં છે. જેમાં **આંતરરાષ્ટ્રીય કક્ષાનાં દિલ્હીથી ડૉ. વી. બી. સોની રીટાયર્ડ IFS અધિકારી (એમ્બેસેડર) પંજાબથી પ્રો. પી. કે. કેશપ, ડો. એસ.પી. કોસ્ટા સાહેબ (ચંદ્રયાન મીશન), દિપક તરૈયા** તેમજ અનેક રાજય કક્ષાનાં અને જિલ્લાનાં મહાનુભવોનાં વ્યાખ્યાન અને વાર્તાલાપ યોજાયાં. જેનાથી વિદ્યાર્થી,વાલીઓ અને શિક્ષકો સૌ જ્ઞાનથી સમૃધ્ધ થયાં છે.

❖ વિજ્ઞાનમેળામાં શાળાનાં કુલ **11 પ્રોજેકટ રાજયકક્ષા સુધી પહોંચ્યાં અને એક કૃતિ રાષ્ટ્રીય કક્ષાએ રજૂ થઇ.** યુવક મહોત્સવની વિવિધ પ્રવૃત્તિઓમાં શાળાનાં શિક્ષક તથા વિદ્યાર્થીઓએ રાજયકક્ષા સુધી ભાગ લીધો.

❖ બાળ પ્રતિભા શોધ સ્પર્ધામાં સર્જનાત્મક કારીગરીમાં શાળાની વિદ્યાર્થીની **પટેલ ચેશા ગુમાનભાઇ રાજયમાં સતત ત્રણ વર્ષ વિજેતા બની** શાળાને ગૌરવ અપાવ્યું છે. **રામાનુજન ગણિત પરીક્ષા**માં શાળાનાં વિદ્યાર્થીઓ દેસાઇ દિપેશ, પટેલ હિતુલ, પરમાર જિજ્ઞેશ રાજકક્ષાએ ઉપસ્થિત રહ્યાં.

❖ અત્રેની શાળામાં વિદ્યાર્થીઓનાં કારકિર્દી અને જીવનઘડતર માટે શાળાએ **4 જેટલાં પારસમણિ પ્રોજેકટ યોજાયાં છે.** જેમાં **1681 વિદ્યાર્થીઓ દ્વારા 2764 મહાનુભવોનાં વ્યકિતગત ઇન્ટરવ્યુ લેવાયા છે.**

❖ **સપના કરો સાકાર પ્રોજેકટ**માં દર વર્ષે શાળાનાં બધાં જ વર્ગોમાં બાળકો ભરૂચની સેવાભાવી સંસ્થાાઓની નિયમિત મુલાકાત લઇ માર્ગદર્શન મેળવે છે.

❖ ઈનોવેશન ફેરમાં શાળાની કૃતિ "મારી શાળા - નવતર શાળા" પંસદગી પામી.

❖ શાળાનાં બધાં જ બાળકોમાં રહેલી વૈજ્ઞાનિક દૃષ્ટિ વિકસે તે હેતુથી **પ્રતિ વર્ષ 1000 પ્રોજેકટનું પ્રદર્શન યોજાય છે.** જેમાં અત્યાર સુધીમાં **10 પ્રોજેકટ પ્રદર્શનો** યોજાયાં છે. જેમાં કુલ **6944 પ્રોજેકટનું પ્રેઝન્ટેશન** થયેલું છે.

❖ શાળામાં **પ્રતિવર્ષ સાંસ્કૃતિક કાર્યક્રમો** યોજાય છે. જેમાં શાળાનાં 90% થી વધુ બાળકો ભાગ લે છે. ઐતિહાસિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક વિષયને આવરી લઇ કૃતિ રજૂ થાય છે. અત્યાર સુધીમાં **37 સાંસ્કૃતિક કાર્યક્રમો** થયાં છે.

❖ પ્રતિ વર્ષ યોજાતાં નાટ્યોત્સવ દ્વારા બાળકમાં રહેલી અભિનય શકિત અને ટીમવર્કની ભાવના જાગૃત થાય છે.

❖ બાળકોના શૈક્ષણિક વિકાસ માટે શાળામાં નિરંતર નવતર પ્રયોગો થાય છે જેમ કે, સેલ્ફલર્નિંગ પ્રોજેકટ, વિવિધ વિષયોના વિદ્યાર્થીઓનાં સેમિનાર, ફાઇવ સ્ટાર એનાલિસીસ તે મુજબ વાલી મિટીંગ, પારસમણિ પ્રોજેકટ, સપના કરો સાકાર, જ્ઞાનસત્ર, પ્રોજેકટ પ્રદર્શન વગેરે જેવાં ૩૧ થી વધુ નવતર પ્રયોગોથી શિક્ષણને સમૃધ્ધ કરવાનાં પ્રયત્નો થયાં છે.

❖ શાળાના શિક્ષકો પણ ઉત્સાહી અને પ્રયોગશીલ છે.

શાળામાં નિરંતર થતાં પ્રયોગોને કારણે શાળાએ જિલ્લામાં એક વિશેષ ઓળખ ઊભી કરી છે. ગુજરાત રાજય સરકાર દ્વારા **ભરૂચ જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે 2007** નાં વર્ષમાં રૂા. **10,000/-** નું, **2014** નાં વર્ષમાં **ભરૂચ જિલ્લા શ્રેષ્ઠ શાળામાં દ્વિતીય ક્રમ મેળવવા બદલ રૂા. 1,00,000** (એક લાખ)નું પારિતોષિક પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત કન્યા કેળવણી અંતર્ગત માર્ચ **2013** અને માર્ચ **2014** માં શાળાનું **વિ.પ્ર.નું પરિણામ ૧૦૦% તથા વિદ્યાર્થીઓનું ૧૦૦% પરિણામ** મળવા બદલ **શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા દ્વારા રૂા. 11,000 નું પારિતોષિક તેમજ માર્ચ 2014 માં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનનાં હસ્તે રૂા. 50,000 નું પુરસ્કાર મળેલ છે.**

આ શાળામાંથી અભ્યાસ કરી અનેક વિદ્યાર્થીઓ M.B.B.S, M.D., B.E, M.E, M.Tech., M.Pham., B.Pham., Ph.D., C.A., M.B.A. જેવા અનેક ક્ષેત્રોમાં ઉચ્ચ કારકિર્દી બનાવી મોટી સંખ્યાંમા દેશમાં તેમજ ઓસ્ટ્રેલિયા, અમેરિકા, કેનેડા, ન્યૂઝીલેન્ડ, આફ્રિકા જેવાં અનેક દેશોમાં પથરાયેલાં છે, અને તેઓએ શાળાનું ગૌરવ વધાર્યું છે.

**શ્રીમતી બિનીતાબેન ગોહિલ**
ઇ. પ્રિન્સિપાલ (ગ્રાન્ટેડ વિભાગ)
નારાયણ વિદ્યાલય, ભરૂચ.

**ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ**
પ્રિન્સિપાલ એૅન્ડ ડાયરેકટર (નોન ગ્રાન્ટેડ વિભાગ)
નારાયણ વિદ્યાલય, ભરૂચ.

# અનુક્રમણિકા


| ક્રમ | કૃતિઓ | પાન નં. |
|---|---|---|
| ૧. | નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃતિઓ | 5 |
| ૨. | શાળાનું વિઝન અને મિશન | 6 |
| ૩. | શાળાની સ્થાપનાથી અત્યાર સુધીની શાળાની જીવન યાત્રા (શરૂઆતથી અત્યાર સુધીની) | 7 |
| ૪. | શાળાની અદ્યતન સવલત _કમ્પ્યૂટર લેબ | 9 |
| ૫. | (1) S.S.C. બોર્ડની પરીક્ષામાં શાળાનું પરિણામ તથા રાજયનું બોર્ડ પરીક્ષામાં પરિણામ તથા શાળામાં પ્રથમ નંબરે આવેલા વિદ્યાર્થીની વિગત, SSC Year wise Result (English Medium),<br>(2) ધો. ૧૨ એચ.એસ.સી. (વિ.પ્ર.) ના પરિણામની વર્ષવાર માહિતી **(ગુજરાતી માધ્યમ)**, ધો. ૧૨ એચ.એચ.સી કોમર્સ (સામાન્ય.પ્રવાહ) ના પરિણામની વર્ષવાર માહિતી **(ગુજરાતી માધ્યમ)**, 12th General Stream Commerce-Year wise Result (English Medium),<br>(3)૧૦૦ માંથી ૧૦૦ ગુણ લાવનાર વિદ્યાર્થીઓ (S.S.C.–H.S.C. વિ.પ્ર./કોમર્સ પ્રવાહના દરેક વર્ષના બોર્ડ રિઝલ્ટ,<br>(4) S.S.C. બોર્ડની પરીક્ષામાં A1 ગ્રેડમાં ૯૦% થી વધુ ગુણ A1 ગ્રેડ લાવનારા વિદ્યાર્થીઓ (ગુ.મા.) | 10<br>12<br>13 |
| ૬. | શાળાની સિધ્ધિઓ પારિતોષિક જિલ્લા રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ સ્પર્ધાનું નામ અને વિજેતા અને વિદ્યાર્થીઓના નામ, જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ શાળાને મળેલ પારિતોષિક | 15 |
| ૭. | નારાયણ ધ્વનિ અંકની વિમોચનવિધિ તથા ધો-૧૦ અને ૧૨ (વિ.પ્ર અને કોમર્સ)નાં વિદ્યાર્થીઓનો વિદાય-શુભેચ્છા સમારોહ તેમજ રાજયકક્ષાએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ તથા શિક્ષકોનું સન્માન | 26 |
| ૮. | હાથ ધરેલ શૈક્ષણિક સંશોધનો | 29 |
| ૯. | SSC અને HSC વિ.પ્ર, સા.પ્ર. કોમર્સની બાર્ડની પરીક્ષાનાં તેજસ્વી વિદ્યાર્થી, ધો. ૧ થી ૯નાં વિદ્યાર્થીઓનો સન્માન સભારંભ | 30 |
| ૧૦. | રાષ્ટ્રીય, આંતરાષ્ટ્રીય લેવલના મહાનુભવોના વ્યાખ્યાન વાર્તાલાપઃવાલીશ્રીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો, ભરૂચની વિવિધ શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકો સાથે યોજાયેલ વિશિષ્ટ સેમીનાર (એમ્બેસેડર ડૉ. વી.બી સોની (દિલ્હી), પ્રો. પી.કે.કેશપ (લુધીયાના,પંજાબ), ડૉ. એસ.પી.કોસ્ટા (ડાયરેકટર ઇશરો, ચાંગાં યુનિર્વસીટી), ડૉ. જયોતિષ પટેલ (પોઝિટિવ પેરેન્ટીંગ), પ્રો દિપક તરૈયા જેવા મહાનુભવોનાં વિશિષ્ટ વિષય ઉપરનાં સેમીનાર, શ્રી ગીજુભાઇ ભરાડ | 32 |
| ૧૧. | સામાજીક ક્ષેત્રે શાળાની સેવા | 40 |
| ૧૨. | શાળાનાં શિક્ષક રત્નો | 41 |
| ૧૩. | રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ ક્ષેત્રે પરમલોક વિજ્ઞાન | 43 |
| ૧૪. | અખિલ ગુજરાત અંતર્ગત જિલ્લા કક્ષા, રાષ્ટ્રીય કક્ષા લોકનૃત્ય અને ફોરમ દ્વારા ગરબા સ્પર્ધા | 45 |
| ૧૫. | નેશનલ સાયન્સ સેમિનાર  વકતૃત્વ સ્પર્ધા અંતર્ગત મેળવેલ સિધ્ધિ | 47 |
| ૧૬. | યુવક મહોત્સવ | 48 |
| ૧૭. | વિજ્ઞાનમેળો | 49 |
| ૧૮. | વિવિધ રાષ્ટ્રીય દિવસોની ઉજવણી | 55 |
| ૧૯. | NTS પ્રખરતા, ચિત્ર, શિષ્ટ, વાંચન, હિન્દી, અંગ્રેજી જેવી ઈતર પરીક્ષામાં નેશનલ લેવલના મૂલ્યાંકન, સ્વામી વિવેકાનંદ સ્પર્ધા, પી.આર.એલ. Exam, ગુજકેટ Exam, પ્રો. એ. આર. રાવ ભૂમિતિ સ્પર્ધા, રામાનુજન, શિષ્યવૃત્તિ | 56 |
| ૨૦. | પારસમણિ પ્રોજેક્ટ | 58 |
| ૨૧. | સપના કરો સાકાર, ઈન્ડસ્ટ્રીઝની મુલાકાતો | 61 |
| ૨૨. | પ્રોજેક્ટ પ્રદર્શન | 62 |
| ૨૩. | જ્ઞાન સત્ર | 65 |
| ૨૪. | સેલ્ફલર્નિંગ પ્રોજેક્ટ | 79 |
| ૨૫. | Each one Teach one | 79 |
| ૨૬. | કોમર્સ વિભાગમાં વિદ્યાર્થીઓનાં વર્કશોપ સેમીનાર | 80 |
| ૨૭. | કાચા ને પાકા કરો અને પાકા ને પારંગત કરો. | 80 |
| ૨૮. | વિદ્યાર્થીઓનું  કાઉન્સિલિંગ | 82 |



















| ક્રમ | કૃતિઓ | પાન નં. |
|---|---|---|
| ૨૯. | સ્ટાર એનાલીસીસ | 83 |
| ૩૦. | વર્ગખંડમાં શિક્ષક પ્રવેશ સાથે સંસ્કૃત શ્લોકનું ગાન | 83 |
| ૩૧. | વાલીમીંટીગ | 84 |
| ૩૨. | બાલિકા કેન્દ્ર | 85 |
| ૩૩. | વિવિધ વિષયોમાં વિદ્યાર્થીઓનાં સેમીનાર | 86 |
| ૩૪. | સાંસ્કૃતિક કાર્યક્રમ | 83 |
| ૩૫. | નાટયોત્સવ | 92 |
| ૩૬. | માતૃસંમેલન (Endearing Mother Day) | 93 |
| ૩૭. | દાદા-દાદી સંમેલન | 93 |
| ૩૮. | વિદ્યાર્થીઓનું બુકરિવ્યુ | 94 |
| ૩૯. | શિક્ષકોનું બુકરિવ્યુ | 94 |
| ૪૦. | બુલેટીન બોર્ડ | 97 |
| ૪૧. | રમતોત્સવ | 98 |
| ૪૨. | ચેસ સ્પર્ધા | 99 |
| ૪૩. | ECO CLUB | 99 |
| ૪૪. | સ્પોકન ઇંગ્લીશ | 100 |
| ૪૫. | બાળ ઊર્જા રક્ષક દળ | 100 |
| ૪૬. | રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) અંતર્ગત વાર્ષિક શિબિર | 101 |
| ૪૭. | સ્કાઉટ ગાઇડ | 101 |
| ૪૮. | રામાયણ પઠન કાર્યક્રમ | 102 |
| ૪૯. | શાળામાં આધ્યાત્મિક ભાવાવરણ માટે યજ્ઞ | 102 |
| ૫૦. | રચનાત્મક પ્રાર્થના સંમેલન | 103 |
| ૫૧. | વિદ્યાર્થીઓની આરોગ્ય ચકાસણી | 103 |
| ૫૨. | ફાયર સેફ્ટી અંતર્ગત | 103 |
| ૫૩. | કલા મહાકુંભ | 103 |
| ૫૪. | બાળ પ્રતિભા શોધ | 104 |
| ૫૫. | રજત જયંતિ ઉજવણી | 105 |
| ૫૬. | વિવિધ વય જૂથ પ્રમાણે દરેક વર્ગમાં વિવિધ સ્પર્ધા | 106 |
| ૫૭. | આનંદમેળો | 107 |
| ૫૮. | જૂથચર્ચા | 107 |
| ૫૯. | મેઘાણી વંદના, મેઘાણી ગરબા | 108 |
| ૬૦. | વિવિધ રાષ્ટ્રીય દિન અને વિવિધ ઉત્સવોની ઉજવણી | 109 |
| ૬૧. | શાળાકીય યુવા પ્રતિભા શોધ સ્પર્ધા | 109 |
| ૬૨. | વિવિધ મહાનુભવોના વ્યાખ્યાન | 110 |
| ૬૩. | શૈક્ષણિક પ્રવાસો, ૧. રાષ્ટ્રીય લેવલ, ૨. રાજય કક્ષાએ, ૩. જિલ્લા કક્ષાએ | 118 |
| ૬૪. | સામયિક કોર્નર | 122 |
| ૬૫. | વિવિધ વિષયોના મંડળો | 123 |
| ૬૬. | બાળ સંમેલન | 123 |
| ૬૭. | કર્મયોગી તાલીમ શિબિર | 125 |
| ૬૮. | UPSC (IAS, IPS, IFS) રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે કલાસ | 123 |
| ૬૯. | શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન | 128 |
| ૭૦. | ઉચ્ચ શિક્ષણ સાથે જુદાં-જુદાં ઉચ્ચ હોદ્દા પર શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી | 129 |















**સફળતાનો માર્ગ પસંદ કરનાર લોકો એમને જે જોઈએ તે પ્રાપ્ત કર્યા વિના જંપતા નથી. તેઓ માત્ર મુસાફરોની જેમ મુસાફરી કરતા નથી પરંતુ જહાજના કેપ્ટનની જેમ નિર્ણયો લે છે....**


❖ **મુખ્ય કન્વીનર : ડૉ. ભગુભાઇ પ્રજાપતિ,**

❖ **સંકલન કમિટી : કંચનબેન પરમાર**

❖ **સહાયક : રેશ્માબેન પટેલ, મયુરીકાબેન પટેલ, જાદવ સોનલબેન**

❖ **સહ કન્વીનર : બીનીતાબેન ગોહિલ**

❖ **કમ્પ્યૂટર ટાઇપીંગ : (મુખ્ય) દિપીકાબેન સોલંકી**

❖ **ફોટોગ્રાફી : પરેશભાઇ પટેલ, એલ.ડી. ભારદ્વાજ**

# (૧) નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃત્તિઓ

નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ એવા આદરણીય શ્રી જયંતિભાઇ ડી. પંચાલ સાહેબ તથા હાલના નારાયણ વિદ્યાલયના ચેરમેન શ્રી હેમંતભાઇ રાવજીભાઇ પ્રજાપતિ તથા આદરણીય પૂર્ણિમાબેન પંચાલ, પ્રણવભાઇ પંચાલ, કાર્તિકભાઇ પંચાલ તથા આદરણીય સ્વ.શ્રી ચીમનભાઇ ડી. પંચાલ વગેરેએ નારાયણ વિદ્યાલયને પરમપૂજ્ય નારાયણ બાપુના આશીર્વાદથી શાળાને વટવૃક્ષ બનાવી છે. શ્રી જયંતિભાઇ ડી. પંચાલ, આદરણીય સ્વ.શ્રી રાવજીભાઇ પ્રજાપતિ અને કેળવણીકાર શ્રી રણછોડભાઇ શાહે શાળા શરૂ કરી હતી અને આજે નારાયણ વિદ્યાલયમાં બાળમંદિરથી ધો. ૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ ચલાવી પૂર્ણ શાળા બનાવી છે.

આ સાથે **ભરૂચમાં (૧) નારાયણ વિદ્યાલય, શકિતનાથ, ભરૂચ (૨) નારાયણ વિદ્યાવિહાર, ભોલાવ (૩) નારાયણ ચેરીટેબલ મલ્ટી સ્પેશ્યાલીસ્ટી હોસ્પિટલ, તુલસીધામ (૪) નારાયણ ચેરીટેબલ હોસ્પિટલ, કોલેજ રોડ, ભરૂચ તથા પ. પૂ. નારાયણ બાપુનો આશ્રમ જેવા શિક્ષણ આરોગ્ય અને આધ્યાત્મિક ક્ષેત્રે પાંચ સંસ્થાઓનું સર્જન કર્યુ છે.**

આદરણીય શ્રી જયંતિભાઇ ડી. પંચાલ સાહેબનું જીવન સાદગીપૂર્ણ અને સાત્વિકતાથી ભરેલું છે. તેઓ શ્રી પ.પૂ નારાયણ બાપુ, તાજપુરાના પરમ ભક્ત છે. અને તેઓશ્રી જે કોઈ સંસ્થા ઊભી કરે છે તે નારાયણના નામથી શરૂ કરે છે. ભરૂચનાં વિકાસમાં તેઓનું ઉત્તમ યોગદાન રહ્યું છે. સ્વ. શ્રી રાવજીભાઇ પ્રજાપતિ ખૂબ ઉત્સાહી અને શાળા ચલાવવામાં તેમનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. તેઓએ પણ સમાજનાં વિકાસ અને શાળાનાં વિકાસ માટે કયારેય પાછી પાની કરી નથી.

શરૂઆતના ઘણા વર્ષો શ્રી રણછોડભાઈ સાહેબ પણ શાળાના હિંતચિંતક અને સતત માર્ગદર્શન આપતા રહ્યા છે.

સ્વ.શ્રી એ.કે મોદી સાહેબ તથા સ્વ.શ્રી એચ.એન ત્રિવેદી સાહેબ પણ  અનેક વર્ષો સતત માર્ગદર્શક રહ્યા છે.

આ શાળામાં મોટા ભાગે મધ્યમ અને ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ક્યારેય કોઈ પણ વિદ્યાર્થીઓની પાસે, શિક્ષકો પાસે ડોનેશન લેવામાં આવ્યું નથી. બલ્કે ગરીબ વિદ્યાર્થીઓને ફી માફી પણ આપવામાં આવે છે. એજ રીતે હોસ્પિટલમાં પણ નહિવત ફી લઈ દર્દીઓને સારવાર આપવામાં આવે છે. ક્યારેક અતિ ગરીબ અને કોઈ આધાર ન હોય તેવા દર્દીઓને મફત સારવાર પણ આપવામાં આવે છે.

આશ્રમમાં દર રવિવારે ધૂન થાય છે.શનિવારે હનુમાન ચાલીસાનાં પાઠ થાય છે. દર રવિવારે અને પૂનમે ગરીબોને મફત ભોજન આપવામાં આવે છે.

આ ટ્રસ્ટ નિઃસ્વાર્થ ભાવે, સેવાની ભાવનાથી સંસ્થાનું સુચારું સંચાલન કરે છે. શાળાના વિકાસમાં અનેક ચઢતી પડતી આવતી હોય છે. તેમાં પણ ક્યારેય પીછે હઠ કરી નથી.

નારાયણ વિદ્યાલયનું જૂનુ બિલ્ડિંગ જર્જરિત થતા નવું વિશાળ બિલ્ડિંગ, અદ્યતન સુવિધા સાથે બનાવ્યું. તેમાં પણ કોઈ પણ વાલી પાસે કે સમાજમાંથી કોઈનું પણ દાન લીધા સિવાય બિલ્ડિંગ આ ટ્રસ્ટે બનાવ્યું છે. આમ તો શાળાના બંને બિલ્ડિંગ ટ્રસ્ટે જ બનાવ્યાં છે.

મારી નિમણૂક થઈ ત્યારે પણ શ્રી જે.ડી. પંચાલ સાહેબે કહ્યુ હતું કે ''આપ આ શાળામાં વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ આપી તેમનું ઉજ્જવળ ભવિષ્ય બનાવશો.''

આ શાળામાં અભ્યાસ કરી અનેક વિદ્યાર્થીઓએ ઉજ્જવળ કારકિર્દી બનાવી છે. કેટલાક પી.એચ.ડી થઈ કોલેજનાં પ્રિન્સિપાલ બન્યા છે તો કેટલાક એમ.બી.બી.એસ એમ.ડી ડૉક્ટર છે. આયુર્વેદમાં પણ એમ.ડી. ડૉક્ટર બન્યાં છે. એન્જીનિયર, એડવૉકેટ, મેનેજર, સી.એ., એરફોર્સમાં મેનેજર, શીપકેપ્ટન તરીકે કાર્યરત છે. શાળાનાં અનેક વિદ્યાર્થીઓ વિશ્વના ઘણાં દેશોમાં પથરાયેલાં છે. અને પોતાની ઉત્તમ સેવાઓ આપી રહ્યાં છે.



**- ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ**

*Love the work you are doing then you can succeed.*

# (૨) શાળાનું વિઝન અને મિશન

૧. રાષ્ટ્ર માટે ઉત્તમ નાગરિકોનું ઘડતર કરવું, માનવતાના શ્રેષ્ઠ મૂલ્યો ઉજાગર કરવા.

૨. વિદ્યાર્થીઓ વૈશ્વિક ફલક પર ઉપસી અને રાષ્ટ્ર વિકાસમાં પોતાનો ઉત્તમ ફાળો આપે તથા આદર, સહિષ્ણુતા, પ્રેમ વગેરે જેવા શ્રેષ્ઠ ગુણો ધારણ કરે.

૩. વિદ્યાર્થીઓ બૌદ્ધિક, ભાવનાત્મક, નૈતિક મૂલ્યો, સર્જનાત્મક, આત્મવિશ્વાસ, સહાનુભૂતિ , પ્રમાણિકતા, રાષ્ટ્રપ્રેમ જેવા શ્રેષ્ઠ ગુણોનું જતન કરે.

૪. શાળા તરીકે અમારું લક્ષ્ય એ છે કે આપણા યુવાન વિદ્યાર્થીઓ કૌશલ્યવાન, કુશળતા અને તંદુરસ્ત માનસિકતાથી સુસજ્જ થાય અને વિશ્વને આગળ વધારશે.

૫. કુટુંબ ભાવના શ્રેષ્ઠ હોય, વડીલો, વૃદ્ધો, માતા-પિતાની આજ્ઞા પાળે, આદર કરે.

૬. શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો વિપરિત પરિસ્થિતિમાં પણ સુયોગ્ય માર્ગ કાઢી આગળ વધે.

૭. શાળાના શિક્ષકો, સ્ટાફ સતત નવા વર્તમાન પ્રવાહોથી જ્ઞાત રહે, વિદ્યાર્થીઓને કંઇક ને કંઇક નવું આપવાનો પ્રયત્ન કરે તે માટે સુસજ્જ રાખવાં.

૮. સાંસ્કૃતિક મૂલ્યોનું સંરક્ષણ સંવર્ધન અને સંક્રમણ કરે.

૯. શાળામાં અનેક નવતર પ્રયોગો દ્વારા વિદ્યાર્થીઓનો સંપૂર્ણ સર્વાંગી વિકાસ કરવો.

૧૦. શાળા પાઠ્યક્રમ તો ચલાવશે, સાથે સાથે ઇત્તર પ્રવૃત્તિઓ તથા વિવિધ સ્પર્ધાઓ, યુવકમહોત્સવ, વિજ્ઞાનમેળો, પ્રોજેક્ટ પ્રદર્શન, સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રવાસ પ્રર્યટન જેવા કાર્યક્રમો થકી વિદ્યાર્થીઓને નિડરતા, સુસંસ્કારિતા, માનસિક રીતે કંટ્રોલ, પોઝીટીવ ,હકારાત્મક વલણ, સહાનુભૂતિ, સહિષ્ણુતા, રાષ્ટ્રપ્રેમ જેવા પાઠો શીખવશે.

૧૧. વિદ્યાર્થીઓની લેખિત અભિવ્યકિત, વાક્ચાતુર્ય જેવાં કૌશલ્યોનો શ્રેષ્ઠ વિકાસ કરશે.

૧૨. જ્ઞાનમાં કેન્દ્ર બનવાની કોશિશ કરે છે. જયાં પરંપરા, આધુનિકતા અને આધ્યાત્મિકતાના સમૃદ્ધ મિશ્રણ અને વાતાવરણમાં વિદ્યાર્થીઓ ભવિષ્યના ગ્રેટ પર્સનાલિટી અને લીડર તરીકે પોતાના પગ પર ઊભાં રહેવાનું શીખે છે. અને સમગ્ર વિશ્વમાં સફળતા અને જ્ઞાનનો પ્રકાશ ફેલાવવા માટે ભવિષ્યના એક ભાવિ નાગરિક તરીકે તૈયાર થાય છે.

૧૩. વિદ્યાર્થી તેમની કુટેવો અથવા ખરાબ મિત્રોનો સંગ ખોટી હીન પ્રવૃત્તિઓ, ખોટાં પ્રલોભનોમાં અટવાઇ ન જાય પરંતુ એક પ્રતિભાશાળી, શકિતશાળી, હિંમતવાન વ્યકિત બને.

\- વિદ્યાર્થીઓને આત્મા, મન અને શારીરિક દૃષ્ટિએ એકસૂત્રમાં બાંધવામાં મદદ કરે. વિદ્યાર્થીઓમાં જ્ઞાન અને દિવ્યતાનું પોષણ કરે અને એના ઉજ્જવળ વિકાસ માટે તેમના મન, શરીર અને વ્યકિતત્વના વિકાસ સાથે લક્ષ્યની પારદર્શિતા આપી શકાય.

૧૪. કોઇ વિદ્યાર્થી ખરાબ કે નબળો હોતો નથી. દરેક વિદ્યાર્થી કોઇને કોઇ બાબતમાં વિશિષ્ટ હોય છે. તેની આંતરિક શકિતઓ બહાર લાવી તેને કંડારવી. Every Child is Special.




૧૫. શાળાનાં વિદ્યાર્થીઓ આ શાળામાં શ્રેષ્ઠ અભ્યાસ કરીને ઉજ્જવળ કારકિર્દી બનાવે અને રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રતિભાશાળી વ્યકિત બની રહે.

૧૬. વિદ્યાર્થીઓમાં રહેલી ઉત્તમ શકિતઓને શોધી તેને બહાર લાવી કંડારવી.

૧૭. શાળાનાં વિદ્યાર્થીઓ આગળ જતાં ઊંચી, સુદૃઢ, પ્રેરણાદાયી જીવનશૈલી જીવે.

૧૮. શાળાનાં એકતા અને મનોબળ, ટીમ સ્પીરીટ જે અમારી શાળામાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવામાં મદદ કરે છે, તે વધુ દૃઢ બને છે.

૧૯. શાળાનાં શિક્ષકો, અમારા વિદ્યાર્થીઓ, અમારા વાલીશ્રીઓ એકબીજા સાથે કદમ મિલાવી આગળ વધવા પ્રતિબધ્ધ છે.

૨૦. શાળા એ વિદ્યાર્થી કેન્દ્રિત સંસ્થા છે. જે શિક્ષણમાં શ્રેષ્ઠતા પ્રદાન કરે છે.

૨૧. Our VISION is to become the most innovative school that will provide Learners with new and creative ways of learning new skills.

૨૨.

| | | |
|---|---|---|
| **V** | - | **Volontary** |
| **I** | - | **Innovative** |
| **S** | - | **Sector** |
| **I** | - | **Initiative** |
| **O** | - | **Opportunities** |
| **N** | - | **Now** |

| | | |
|---|---|---|
| **M** | - | **Michigan** |
| **I** | - | **Intineant** |
| **S** | - | **Sheten** |
| **S** | - | **System** |
| **I** | - | **Independent** |
| **O** | - | **Out of** |
| **N** | - | **Necessity** |

| | | |
|---|---|---|
| **M** | - | **Modified** |
| **O** | - | **One** |
| **T** | - | **Ton** |
| **T** | - | **Tinanspont** |
| **O** | - | **Only** |



**- ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ**

# (૩) શાળાની સ્થાપનાકાળથી અત્યાર સુધીની જીવનયાત્રા

નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટ નોંધણી નંબર : ઈ–૧૨૨૦, નોંધણી તારીખ : ૫/૧૦/૧૯૮૨

શાળાનો નોંધણી નંબર : જી(૩)૩૩૮૧૬/૧૮ ▲ બોર્ડ રજીસ્ટ્રેશન તારીખ : ૧/૧/૧૯૮૭ ▲ રજીસ્ટર ક્રમાંક : ૦૧–૦૨૨–૦૦૧

| Board | માધ્યમ | Index No. | Board | માધ્યમ | Index No. |
|---|---|---|---|---|---|
| SSC | ગુજરાતી માધ્યમ | 61.174 | HSC-Science | ગુજરાતી માધ્યમ | 11.074 |
| SSC | અંગ્રેજી માધ્યમ | 61.357 | HSC-Commerce | ગુજરાતી – અંગ્રેજી માધ્યમ | 11.178 |

✦ ૧૫મી જૂન ૧૯૮૩ના રોજ પૂ.પ્રાથમિક વિભાગમાં શિશુ–૧,૨ તથા ધો. ૧,૨ નારાયણ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ શ્રી જે. ડી. પંચાલ, શાળાના ચેરમેનશ્રી સ્વ.રાવજીભાઈ પ્રજાપતિ, શ્રી રણછોડભાઈ શાહના પ્રયાસથી તથા પ.પૂ. નારાયણ બાપુના આશીર્વાદથી નારાયણ વિદ્યાલયનો શુભારંભ થયો.

✦ ધો. ૧, ૨ માં શરૂઆતના શિક્ષક શ્રીમતી સુમિત્રાબેન મિસ્ત્રી અને નયનાબેન રાણા તથા શિશુ ૧,૨માં શિક્ષિકા શ્રીમતી અંજનાબેન દેસાઇ અને શ્રીમતી સંગીતાબેન આર. શાહ દ્વારા શાળા શરૂ થઈ. જૂન ૧૯૮૩માં ધો.૧માં ૪૪ વિદ્યાર્થી, ધો.૨માં ૧૯ વિદ્યાર્થી, શિશુ–૧માં ૨૭ અને શિશુ–૨ માં ૨૬ વિદ્યાર્થીઓથી શાળાની શરૂઆત થઈ.

✦ ૧૯૮૪–૮૫માં ધો.૩ ની શરૂઆત થઈ જેમાં ધો.૧ થી ૩માં ૧૧૯ વિદ્યાર્થીઓ તથા શિશુ ૧,૨માં ૭૬ વિદ્યાર્થીઓ હતા. ઈ.સ.૧૯૮૫–૮૬માં ધો.૪ની શરૂઆત થઈ. ધો.૧ થી ૪માં ૧૭૮ વિદ્યાર્થીઓ અને શિશુ–૧,૨ માં ૮૮ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો.

✦ ૧૯૮૬–૮૭માં ધો. ૫,૬,૭ ની શરૂઆત થઈ જેમાં કુલ ૧ થી ૭ ધોરણમાં ૩૩૧ વિદ્યાર્થીઓ જયારે પૂર્વ પ્રાથમિકમાં ૯૭ વિદ્યાર્થીઓ હતા.

✦ જૂન ૮૭માં ધો. ૮ શરૂ થયું. ક્રમશઃ ધો.૧૦ સુધી ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડની મંજૂરીથી વર્ગો શરૂ કરવામાં આવ્યા. ધો.૧ થી ૭ના મુખ્ય શિક્ષક તરીકે શ્રી કિરણભાઈ બિનિવાલે એ શાળાનું સુચારુ સંચાલન કર્યું હતું. શ્રી કિરણભાઈ બિનિવાલેએ પોતાની શાળા શ્રવણ વિદ્યાધામ શરૂ કરતાં તેઓ શ્રી આ શાળામાંથી છૂટા થયા. આ શાળામાં શરૂઆતના વર્ષોમાં એમિટી શાળા અને નારાયણ વિદ્યાલય એક જ બિલ્ડિંગમાં ચાલતાં હતા. થોડા સમય બાદ એમિટિ શાળાનું દહેજ બાયપાસ રોડ પર બિલ્ડિંગ તૈયાર થતાં સ્થળાંતર થયું. અને આજે એ શાળા ફૂલી ફાલીને વટવૃક્ષ બની છે. એ જ રીતે નારાયણ વિદ્યાલયમાંથી જ કિરણભાઈ બિનિવાલે દ્વારા શ્રવણ વિદ્યાધામનો ઉદ્‌ભવ અને વિકાસ થયો છે.

✦ વર્ષ ૧૯૮૭માં ધો. ૮ શરૂ થતા તા. ૧૫/૬/૮૯ થી શ્રી આર.વી.પટેલ આચાર્ય તરીકે જોડાયા કે જેઓ D.E.O. કચેરી ખાતે E.I. તરીકેની સેવા બજાવતા હતા તે સરકારી નોકરી છોડીને નારાયણ વિદ્યાલયના પ્રથમ આચાર્ય તરીકે જોડાઈ તા. ૧૪/૬/૯૦ સુધી સેવા બજાવી. આગળ જતાં તેઓ શ્રી સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલમાં આચાર્ય બન્યા ત્યારબાદ આ શાળા અને ત્યારબાદ પ્રિયદર્શિની શાળાના સુચારૂ સંચાલનની જવાબદારી નિભાવી. એટલુ જ નહી નિવૃત્તિ બાદ તેઓએ ભરૂચ નગરપાલિકા, સેવા સદનના પ્રમુખ તરીકે પ્રશંસનીય સેવાઓ બજાવી.

✦ **તા. ૧૫/૬/૯૦ થી તા.૧૫/૭/૯૧** સુધી શાળાના માધ્યમિક વિભાગના પ્રથમ શિક્ષક શ્રીમતી શ્વેતાબેન શેઠે ઈ.ચા. આચાર્ય તરીકેનો હોદ્દો સંભાળ્યો અને તા. 16/7/1991થી શ્રી વી. એન. ઘરિયા સાહેબ શાળાના સુકાની બન્યા. શ્વેતાબેન શેઠે ગુજરાતી અને અંગ્રેજી વિષયો ખૂબ ઉત્તમ રીતે ભણાવતા એટલું જ નહીં શાળાના મેનેજમેન્ટના સમર્પિત વ્યકિત તરીકે છાપ ધરાવતા હતા. શ્રીમતી શ્વેતાબેન શેઠે શ્રી વી.એન.ઘરિયા સાહેબની નિવૃત્તિ પછી તા.૧/૬/૨૦૦૫ થી તા.૩૧/૧/૨૦૦૬ સુધી બીજી વખત ઈ.ચા. આચાર્યનો હોદ્દો સંભાળ્યો. શ્રી વી.એન.ઘરિયા સાહેબના વખતમાં શાળાનું શૈક્ષણિક વાતાવરણ, ભાવાવરણ ખૂબ જ શ્રેષ્ઠ બન્યુ. દર વર્ષે બોર્ડ પરીક્ષાના ઉત્તમ પરિણામો તેમજ શાળામાં વિવિધ સ્પર્ધાઓ, ઈતર પ્રવૃત્તિઓ થકી શાળાએ જિલ્લા કક્ષાએ નામ રોશન કર્યું. એટલુ જ નહી શાળાનું બિલ્ડિંગ નાનું પડતા બાજુમાં લક્ષ્મીનારાયણ નગર ખાતે બીજું નવું બિલ્ડિંગ મેનેજમેન્ટ દ્વારા તેમના પ્રયત્નો થકી બનાવવામાં આવ્યું તથા આગળ જતા નવી વિશાળ કોમ્પ્યુટર લેબ, ફિઝીક્સ લેબ, બાયોલોજી લેબ, ઓડીયો વિડીયો લેબ વગેરેનું નવું નિર્માણ કરવામાં આવ્યું. શાળાના આચાર્યશ્રી વિજયસિંહ એન. ઘરીયાને ગુજરાત રાજયના શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ પ્રાપ્ત થયો. જિલ્લામાં નામાંકિત આચાર્ય તરીકે તેઓ અગ્રેસર રહ્યા અને પરીક્ષા શુદ્ધિ અભિયાનમાં કુશળતા પૂર્વક કાર્યશીલ રહ્યા. તેમનો સમગ્ર કાર્યકાળ શાળા માટે શ્રેષ્ઠ શૈક્ષણિક કાળ રહ્યો.

✦ ઈ.સ.૧૯૯૯માં શાળામાં ધો.૧૧ (વિ.પ્ર)ની શરૂઆત થઈ. માર્ચ ૨૦૦૧માં બોર્ડની પરીક્ષામાં શાળાના વિદ્યાર્થીઓનો પ્રથમ બેચ બહાર પડયો.

✦ **તા.૧/૨/૨૦૦૬** થી શાળાનું આચાર્ય તરીકેનું સુકાન ડૉ. ભગુભાઈ આઈ. પ્રજાપતિએ સંભાળ્યુ. ત્યારબાદ શાળામાં કોમર્સ વિભાગ, ગુજરાતી માધ્યમ તેમજ અંગ્રેજી માધ્યમ શરૂ થયું અને ખૂબ વિકસિત બન્યુ. શાળાના વાલી જેમકે ઠાકોરભાઈ પંચાલ વગેરેની રજૂઆતના કારણે શાળામાં જૂન ૨૦૧૩ થી ગુજરાતી માધ્યમ ધો.૧૧ સામાન્ય પ્રવાહ શરૂ કરવામાં આવ્યો. જૂન ૨૦૧૪થી ધો.૧૨ સામાન્ય પ્રવાહનો વર્ગ શરૂ થયો. જૂન ૨૦૧૫માં ધો.૧૧ કોમર્સ અંગ્રેજી માધ્યમ શરૂ કરવામાં આવ્યું. જેની ધો.૧૨ની પ્રથમ બેચ જુન ૨૦૧૭માં બોર્ડની પરીક્ષા આપી. જુન–10/6/2013 થી પૂ.પ્રા. અંગ્રેજી માધ્યમ શરૂ થયું. જૂન ૨૦૧૫માં પ્રાથમિક વિભાગ (Std. 1 to 5) English medium શરૂ થયું. જૂન ૨૦૧૬માં (Std. 6 to 8) English medium શરૂ થયું. જૂન ૨૦૧૭માં ધો. ૯ અને જુન ૨૦૧૮ થી ધો. ૧૦ English medium શરૂ થયુ. શાળાની Std. 12 English medium ની પ્રથમ બેચ માર્ચ ૨૦૧૮માં અને Std. 10 English medium ની પ્રથમ બેચ માર્ચ ૨૦૧૯માં બહાર પડી. જેમાં ખુશ્બુબેન, વિદ્યાબેન, શીલાબેન, એલ.ડી. ભારદ્વાજ, કવિતાબેન વિગેરેએ English Medium વિકસીત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી. શાળાના તમામ વિભાગના શિક્ષકો તથા બિનશૈક્ષણિક સ્ટાફ દિલથી, હૃદયથી ખૂબ મહેનત કરી સંસ્થાના વિકાસમાં અનેરુ યોગદાન આપી રહ્યા છે. આથી તમામ અભિનંદનને પાત્ર છે.

✦ ડૉ. ભગુભાઈ આઈ. પ્રજાપતિએ શાળામાં નવતર પ્રયોગો અને પ્રવૃત્તિઓનો ખૂબ સારો માહોલ ઊભો કર્યો. તેમના સમય દરમ્યાન શાળાને ભરૂચ જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકેના બે એવોર્ડ પ્રાપ્ત થયા. પ્રથમ ૧૦,૦૦૦ અને ૧,૦૦,૦૦૦ એવોર્ડ સરકારશ્રી દ્વારા પ્રાપ્ત થયો. કન્યા કેળવણી અંતર્ગત ૧૦૦% રીઝલ્ટ બદલ રૂ. ૫૧,૦૦૦, રૂ. ૧૧,૦૦૦ નું ઈનામ સરકાર દ્વારા શાળાને પ્રાપ્ત થયું.

✦ જૂની બિલ્ડિંગમાં અદ્યતન કમ્પ્યૂટર લેબ, ફીઝીક્સ, કેમેસ્ટ્રી, બાયોલોજી વગેરે લેબનું નવનિર્માણ કરવામાં આવ્યું. કમ્પ્યૂટર શિક્ષણ માટે પ્રારંભિક કમ્પ્યૂટર લેબ વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે નાની પડતા વધુ કમ્પ્યૂટર ગોઠવી શકાય તથા વર્ગના તમામ વિદ્યાર્થીઓ એક સાથે પ્રેક્ટીકલ કરી શકે તેવા આશયથી બંને બિલ્ડીંગમાં કમ્પ્યૂટર લેબ મેનેજમેન્ટ થકી બનાવવામાં આવી. જેના વિકાસમાં બેલાબેન પટેલ, ફાલ્ગુનીબેન પટેલ, કામીનીબેન પરમાર, જલ્પાબેન પટેલ વગેરેએ ફાળો આપ્યો.

✦ અંગ્રેજી માધ્યમ તથા કોમર્સ વિભાગો વધવાને કારણે શાળાનું બિલ્ડિંગ નાનું પડતુ હોવાથી મેનેજમેન્ટ દ્વારા બિલ્ડિંગનું નવનિર્માણ કરવામાં આવ્યું જેમાં ૨૭ રૂમ અને ૩ મોટા હોલ સાથે અદ્યતન વિશાળ બિલ્ડીંગ બનાવવામાં આવ્યું. તેમાં પણ અદ્યતન કમ્પ્યૂટર લેબનું નિર્માણ કરવામાં આવ્યું. શાળા આજે તમામ ભૌતિક સુવિધાઓ અને સવલતોથી યુકત છે. શાળા ઈન્ટરનેટ, એલ.સી.ડી. ટીવી, ઈન્ટરકોમ, સી.સી. ટી.વી. કેમેરા જેવી અનેક સવલતો સાથે અત્યાધુનિક બન્યું છે.

✦ વર્તમાન સમયમાં શાળામાં પૂ.પ્રાથમિકથી લઈને ઉચ્ચતર માધ્યમિક સુધીના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના કુલ 49 વર્ગોમાં 1968 વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. જેમાં ધો. ૯ થી ૧૨ (વિ.પ્ર)નાં કુલ 6 વર્ગો ગ્રાન્ટેડ છે. શાળામાં કુલ 72 શિક્ષકો તથા 22 બિન શૈક્ષણિક કર્મચારીઓ કાર્યરત છે.



માહિતીનું સંકલન :
**ડૉ ભગુભાઇ આઇ. પ્રજાપતિ,**
**બીનીતાબેન ગોહિલ**






# (૪) શાળાની અદ્યતન સવલત - કમ્પ્યૂટર લેબ

- **શાળામાં બે અદ્યતન કમ્પ્યૂટર લેબ છે.**
- **કમ્પ્યૂટર લેબ-૧ની પ્રાથમિક માહિતી :**
  - **કમ્પ્યૂટર લેબની શરૂઆત :** ૧૯૯૯ની સાલમાં ગુજરાત સરકાર દ્વારા આયોજિત કમ્પ્યૂટર વિષય અંગેની તાલીમ શાળાના શિક્ષિકા બેલા એ.પટેલે વડોદરા ખાતે લીધી. અને ત્યારબાદ સાલ ૨૦૦૦માં કમ્પ્યૂટર વિષય શાળામાં શરૂ કરવાની મંજૂરી મળવાથી ૧૫ કમ્પ્યૂટર, ૧ પ્રિન્ટર સાથે કમ્પ્યૂટર લેબની શરૂઆત થઈ.
  - નવી લેબ ૪ ડિસેમ્બર ૨૦૧૦ ના રોજ નવનિર્માણ થઇ.
  - ૬૫ + ૧૦ કમ્પ્યૂટર્સ , ૧ સ્કેનર, ૨ પ્રિન્ટર્સ,૧ એલ.ઈ.ડી ટીવી,૩ એલ.સી.ડી પ્રોજેકટર
  - સરકાર તરફથી ૧૦ કમ્પ્યૂટર્સ(ઉબન્ટુ લિનકસ ઓપરેટિંગ સિસ્ટમ) પ્રોવાઈડ કરવામાં આવ્યા છે.
- **કમ્પ્યૂટર લેબ-૨ની પ્રાથમિક માહિતી :**
  - બીજી કમ્પ્યૂટર લેબની શરૂઆત : તા. ૧૨/૯/૧૭ થી થઇ.
  - ૬૪ + ૨ (શિક્ષકો માટેના) કમ્પ્યૂટર્સ ,૨ પ્રિન્ટર્સ,૧ એલ.સી.ડી પ્રોજેકટર



- **સ્ટાફ તેમજ કલાર્ક માટે કમ્પ્યૂટર્સ :** ૬ + ૪ = **<u>૧૦</u>**(બંને શાળામાં મળીને)
- **કમ્પ્યૂટર સ્ટાફ :** બંને લેબમાં કુલ મળી **<u>સાત</u>** કમ્પ્યૂટર ટીચર્સનો સ્ટાફ કાર્યરત છે.
- **શાળામાં ડિજિટલ ડિવાઈસીસની સવલત :** <u>બંને લેબમાં કુલ **૧૫૧**</u> **કમ્પ્યૂટર્સ, ૧૦ LED TV, 10 Printers, 2 scanner, 3 LCD Projectors**



- **કમ્પ્યૂટરમાં હાથ ધરાયેલ પ્રોજેકટ : સ્કુલ સોફ્ટવેર (રિઝલ્ટ) ૨૦૦૬-૦૭**

<u>હેતુ</u> : ૧. શાળાનું સમગ્ર કાર્ય કમ્પ્યૂટરાઈઝ થાય.
૨. વિદ્યાર્થીને ઝડપથી અને પારદર્શક પરિણામ મળે.
૩. શિક્ષકો ડિજિટલ થાય અને આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરતા થાય.

- <u>અમલીકરણ</u> : કમ્પ્યૂટર સ્ટાફની મદદથી શ્રી વિશાલભાઈ પરમાર પાસે શાળાના સમગ્ર કાર્ય માટેનું સોફ્ટવેર તૈયાર કરાવ્યુ. જે આજદિન સુધી કાર્યરત છે. તથા તેમના મિત્ર શ્રી પિયુષભાઇ (જૂનાગઢ) તરફથી પરીક્ષાના રીઝલ્ટ અંગેના સોફ્ટવેરમાં રેગ્યુલર માર્ગદર્શન મળે છે.

Every Child is Special

- <u>ફલિતાર્થ :</u>
  - * સમગ્ર શાળાનું જનરલ રજીસ્ટર મેઈનટેઈન થાય છે.
  - * ધો.૧ થી ૧૨ ગુજરાતી માધ્યમ તથા અંગ્રેજી માધ્યમના યુનિટ ટેસ્ટ તથા દરેક મુખ્ય પરીક્ષાના માર્કસ કમ્પ્યૂટર શિક્ષકો દ્વારા એન્ટર કરવામાં આવે છે અને પરિણામ તૈયાર થાય છે.
  - * પરિણામ માટેના પત્રકમાં વિદ્યાર્થીઓના રોલ નંબર પ્રમાણેનું પરીણામ, મેરીટ મુજબનું પરીણામ અને સ્ટાર એનાલીસીસ તથા વાર્ષિક પરીક્ષાના સમગ્ર પરીણામ ઉપરાંત દરેક ધોરણના સંગૃહિત અને પરીણામને લગતી સમરીના પત્રક સામેલ થાય છે.
  - * વિદ્યાર્થીઓના રિપોર્ટ કાર્ડ પણ સોફ્ટવેર દ્વારા જ તૈયાર થાય છે.
  - * ધો.૧૦ અને ધો.૧૨ ના વિદ્યાર્થીઓના ટ્રાયલ સર્ટીફિકેટ તથા વિદ્યાર્થીઓના બોનાફાઈડ સર્ટીફિકેટ પણ આ જ સોફ્ટવેર દ્વારા તૈયાર કરવામાં આવે છે.
  - * વિદ્યાર્થીઓની ફી રિસીપ્ટ સોફ્ટવેર દ્વારા જ લેવામાં આવે છે.
- <u>**શાળાની વેબસાઈટ**</u> : ૨૦૧૨માં શાળાની વેબસાઈટ શરૂ કરવામાં આવી. www.narayanbharuch.org જેમાં
  - * દરેક સેકશનની પ્રવૃત્તિઓની માહિતી તથા ફોટોગ્રાફસ
  - * શાળાની સિધ્ધિઓની માહિતી
  - * શાળા દ્વારા દર વર્ષે બહાર પાડવામાં આવતું મેગેઝીન નારાયણ ધ્વનિનો ઈ–અંક
  - * વાર્ષિક પરીક્ષાના તેજસ્વી તારલાઓનું લિસ્ટ
  - * ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આ વેબસાઈટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન પણ કરાવી શકે છે.



■ **<u>ફલિતાર્થ :</u>**

* વાલી સુધી પોતાના બાળકોએ મેળવેલ સિધ્ધિ તથા શાળામાં થતા દરેક કાર્યક્રમના ફોટોગ્રાફસ પહોંચે છે.
* શાળાના મેગેઝીનનો લાભ સમાજના રસ ધરાવતા વ્યક્તિઓ લઈ શકે છે.
* ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શાળા સાથે કાયમ માટે જોડાઈ શકે છે અને શાળાની પ્રવૃત્તિઓ તથા નારાયણ ધ્વનિનો લાભ લઈ શકે છે. તે જ પ્રમાણે વર્તમાન વિદ્યાર્થીઓ જરૂર લાગે તો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સંપર્ક કરી માર્ગદર્શન મેળવી શકે છે.
* શાળાની રાષ્ટ્રીય, રાજ્ય, જિલ્લા તેમ જ તાલુકા કક્ષાની પ્રવૃત્તિઓની માહિતી દરેક જણ સુધી પહોંચે છે.

○ **<u>ઓનલાઈન એક્ઝામ : ૨૦૧૨–૧૩</u>** માં પ્રયોગાત્મક ધોરણે ઓનલાઈન એક્ઝામનો પ્રોજેક્ટ હાથ ધરાયો.



**હેતુ :** ૧. વિદ્યાર્થીઓ બાહ્ય ઓનલાઈન લેવાતી પરીક્ષાઓ માટે તૈયાર થાય.

૨. MCQ પરીક્ષામાં વિદ્યાર્થીઓની ચોરી કરવાની વૃત્તિ શૂન્ય થાય.

૩. આધુનિક ટેક્નોલોજીથી શિક્ષકો પણ માહિતગાર થાય.

■ **<u>અમલીકરણ :</u>** કમ્પ્યૂટર સ્ટાફની મદદથી શ્રી વિશાલભાઈ પરમાર પાસે ઓનલાઈન એક્ઝામ માટેના સોફ્ટવેર ઈન્સ્ટોલ કરી યુનિકોડમાં દરેક ધોરણના દરેક વિષય માટેનો ડેટાબેઝ બનાવવાનું કામ શાળા દ્વારા હાથ ધરાયું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા જ ડેટાબેઝ યુનિકોડમાં કમ્પ્યૂટર પર તૈયાર કરાવાયો. જેથી વિદ્યાર્થીઓ વાંચન કરે અને પ્રશ્નો પણ જાતે જ બનાવી ટાઈપિંગ કરે.

○ **<u>સ્કુલ એપ્લીકેશન ૨૦૧૮–૧૯</u>** શ્રી ભાવેશભાઈ પટેલની મદદ દ્વારા સ્કુલની એપ બનાવી. જેનો હેતુ વાલી સાથે સીધો સંપર્ક જાળવવાનો હતો. વિદ્યાર્થીની હાજરી, સિધ્ધિઓ તથા પરીક્ષાના પરિણામ સીધા જ વાલીને મોબાઈલ પર મળી શકતા હતા.

○ **<u>સ્કુલ રિઝલ્ટ સોફ્ટવેર</u>** (લોકડાઉન દરમિયાન)–૨૦૨૦–૨૧: લોકડાઉન દરમ્યાન તૃતીય પરીક્ષા ન લેવાતા વાર્ષિક પરીક્ષાનું પરિણામ આપવાના નિયમો બદલાયા. જેથી સ્કુલનું પરીક્ષા માટેનું સોફ્ટવેર આ વર્ષ પૂરતુ કામ લાગે તેમ નહોતુ.આથી શાળાના કમ્પ્યૂટર શિક્ષક બેલાબેન પટેલ દ્વારા એક્સેલમાં માસ પ્રમોશનના સમગ્ર નિયમોને આવરી લેતુ સોફ્ટવેર બનાવાયું. જેનો લાભ ધો. ૧ થી ૯ (ગુજરાતી–અંગ્રેજી માધ્યમ) તથા ધો.૧૧ સાયન્સ અને કોમર્સ (ગુ.મા. તથા અં.મા.) ના દરેક શિક્ષકોએ લઈ પરીક્ષાનું પરિણામ તૈયાર કર્યુ.

○ **<u>યુ–ટ્યુબ ચેનલ ૨૦૨૦–૨૧</u> :** બેલાબેન પટેલના માર્ગદર્શન હેઠળ પૂર્વા પ્રજાપતિ, સોનલ વાઘ તથા મયૂરી પટેલ દ્વારા શાળાની યુટ્યુબ ચેનલ બનાવવામાં આવી. આ ચેનલ પર શાળાની સિધ્ધિઓ શિક્ષકોનાં બુકરિવ્યુ તથા શાળાકીય પ્રવૃત્તિઓ માટેના વિડિયો અપલોડ કરવામાં આવે છે.

માહિતીનું સંકલન : **બેલાબેન પટેલ**









**કાચાને પાકા કરો, પાકાને પારંગત કરો, જ્ઞાનનું આદન-પ્રદાન કરો**

# (૫) S.S.C. બોર્ડની પરીક્ષામાં શાળાનું પરિણામ તથા રાજયનું બોર્ડ પરીક્ષામાં પરિણામ તથા શાળામાં પ્રથમ નંબરે આવેલા વિદ્યાર્થીની વિગત

### (1) શાળાનું કુલ પરિણામ : SSC (ગુજરાતી માધ્યમ)

| વર્ષ | શાળાનું રીઝલ્ટ | બોર્ડનું રિઝલ્ટ | શાળામાં પ્રથમ આવેલ વિદ્યાર્થીઓના નામ | ટકા % | વિદ્યાર્થીની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| માર્ચ-1990 | **86.4%** | 51.09 | પટેલ સમીર આર. | 78.71% | 44 |
| માર્ચ-1991 | **98%** | 60.97 | મહેતા પિન્કી પી. | 81.85% | 45 |
| માર્ચ-1992 | **97.86%** | 65.0 | મોદી હિતેષ સી. | 79.86% | 49 |
| માર્ચ-1993 | **100%** | 56.33 | કોઠીવાલા પ્રજ્ઞેશ એચ. | 80.57% | 45 |
| માર્ચ-1994 | **75%** | 40.0 | શાહ કિન્નરી આર.(જિલ્લામાં પ્રથમ)<br>ધોરાવાલા શીતલ (જિલ્લામાં ત્રીજો) | 88.41%<br>87.6% | 48 |
| માર્ચ-1995 | **77%** | 50.34 | શાહ નૈઋતિ આર (જિલ્લામાં બીજા) | 87.3% | 51 |
| માર્ચ-1996 | **90%** | 40 | મોદી કૌશલ એન.(જિલ્લામાં અગ્રેસર) | 89.00% | 50 |
| માર્ચ-1997 | **82%** | 40.12 | શાહ યામીની સી. | 91.00% | 55 |
| માર્ચ-1998 | **93.30%** | 45.15 | વ્યાસ અર્પણ સી., ગાંધી ગૌરાંગ બી. | 87.85% | 59 |
| માર્ચ-1999 | **94%** | 55.8 | પરમાર વૈશાલી એચ. | 92.42% | 104 |
| માર્ચ-2000 | **96%** | 58.7 | મહેતા જીગર એમ. | 90.57% | 112 |
| માર્ચ-2001 | **97%** | 68.91 | શાહ હિમાશું સી. | 92.57% | 123 |
| માર્ચ-2002 | **86.72%** | 56.92 | શાહ મલય બી. | 92.57% | 126 |
| માર્ચ-2003 | **91%** | 42.97 | મહેતા સૌમિલ બી. (જિલ્લામાં ત્રીજો) | 92.00% | 127 |
| માર્ચ-2004 | **94.95%** | 52 | ગાયકવાડ મૈત્રેયી આર. | 90.00% | 120 |
| માર્ચ-2005 | **94.64%** | 60.89 | પટેલ તેજસ આઇ. | 90.57% | 130 |
| માર્ચ-2006 | **92.96%** | 62.71 | મહેતા હાર્દિક એચ. | 91.28% | 128 |
| માર્ચ-2007 | **97.47%** | 70.65 | પટેલ ભાવિક આર. | 90.42% | 119 |
| માર્ચ-2008 | **97.22%** | 68.8 | શાહ મિલિન્દ એન. (જીલ્લામાં પાંચમો)<br>તાપિયાવાલા અવની એચ.(જીલ્લામાં આઠમો) | 93.74%<br>92.77% | 144 |
| માર્ચ-2009 | **97.76%** | 56.43 | પંચાલ વિધી ઠાકોરભાઇ | 91.69% | 134 |
| માર્ચ-2010 | **98.51%** | 60.81 | ગાંધી આયુષ ભરતભાઇ  | 92.62% | 134 |
| માર્ચ-2011 | **97.84%** | 71.06 | રાણા જય નરેન્દ્રભાઇ | 94.00% | 139 |
| માર્ચ-2012 | **94.89%** | 69.10 | શાહ નુપુર સમીરકુમાર | 95.00% | 137 |
| માર્ચ-2013 | **97.18%** | 65.12 | મોદી તપન રજનીકાંન્ત | 93.83% | 142 |
| માર્ચ-2014 | **95.68%** | 63.85 | ઉનડકટ પ્રતિથિ નલીનભાઇ | 93.00% | 139 |
| માર્ચ-2015 | **94.36%** | 54.42 | ચૌહાણ રાહુલ હર્ષદભાઇ | 93.33% | 142 |
| માર્ચ-2016 | **91.30%** | 67.08 | મોદી નેવિલ ડી. | 95.33% | 138 |
| માર્ચ-2017 | **93.91%** | 68.24 | મોદી કુંજ એમ., પટેલ શશાંક આર. | 90.90% | 148 |
| માર્ચ-2018 | **96.40%** | 67.50 | દેશપાંડે મોહિની જે. | 93.33% | 139 |
| માર્ચ-2019 | **88.71%** | 67.97 | જાદવ કૃક્ષિકા આર. | 90.67% | 124 |
| 2020 | **92.42%** | 60.64 | રાજ ધ્રુવીકુંવરબા આર. | 94.33% | 132 |

### (2) Standard :10th SSC Year wise Result (English Medium)

| Year | **Board Result** | **School Result** | 1st Rank in School | **Percentage** | Total students |
|---|---|---|---|---|---|
| March 2019 | 67.97 | **75%** | Sing Kriti Satyendra | **75.5%** | 4 |
| March 2020 | 60.64 | **93.75** | Rajput Shilpi | **79.6%** | 16 |

## (3) ધોરણ ૧૨ એચ.એસ.સી (વિ.પ્ર.) ના પરિણામની વર્ષવાર માહિતી (ગુજરાતી માધ્યમ)

| વર્ષ | શાળાનું રીઝલ્ટ | બોર્ડનું રિઝલ્ટ | શાળામાં પ્રથમ આવેલ વિદ્યાર્થીઓના નામ | ટકા % | વિદ્યાર્થીની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| March 2001 | **82.14%** | 70.62 | પિસ્તોલવાલા સંદિપ એ | 73.13% | 28 |
| March 2002 | **68.75%** | 54.39 | શાહ નિરવ કિરીટકુમાર | 69.75% | 70 |
| March 2003 | **62%** | 42.81 | ચૌહાણ ઉપાસના કે | 80.63% | 69 |
| March 2004 | **56.71%** | 51.16 | મકવાણા ધવલકુમાર ડી | 72.13% | 67 |
| March 2005 | **80.95%** | 54.96 | પટેલ રાધિકા એસ | 79.08% | 63 |
| March 2006 | **96.88%** | 82.89 | શુકલ આશુતોષ પી | 83.2% | 64 |
| March 2007 | **100%** | 83.54 | પટેલ તેજસ આઇ. | 84.62% | 69 |
| March 2008 | **98.75%** | 78.85 | ૧) દિક્ષિત ગ્રિષ્મા ટી., ૨) રાણા પિયુષ આર | 78.85% | 80 |
| March 2009 | **96.15%** | 73.54 | મારુ જયદિપ વી. (જીલ્લામાં પાંચમો) | 90.80% | 78 |
| March 2010 | **98.85%** | 75.77 | ઝાડેશ્વરીયા નિકુંજ એચ. (જીલ્લામાં બીજો) | 91.00% | 87 |
| March 2011 | **100%** | 68.50 | રાણા પ્રશાંત ચદ્રકાંત | 93.95% | 82 |
| March 2012 | **91.95%** | 68.56 | આસ્તિક રાહુલ ભદ્રેશકુમાર | 87.2% | 87 |
| March 2013 | **100%** | - | દેસાઇ હેમંતકુમાર જયેશકુમાર | 86.8% | 81 |
| March 2014 | **100%** | - | શાહ નુપૂર સમીરકુમાર | 91.33% | 87 |
| March 2015 | **100%** | 86.10 | મોદી તપન રજનીકાંત | 92.00% | 93 |
| March 2016 | **93%** | 79.03 | રાણા પ્રાચી એચ. | 91.71% | 72 |
| March 2017 | **96%** | 81.89 | ચૌહાણ રાહુલ એચ. | 88.31% | 75 |
| March 2018 | **93.65%** | 72.99 | મોદી નેવીલ ડી. | 88.06% | 63 |
| March 2019 | **91%** | 64.64 | મોદી કુંજ એમ. | 86.80% | 66 |
| March 2020 | **92.65%** | 71.34 | દેશપાંડે મોહિની જે. | 83.00% | 68 |



## (4) ધો. ૧૨ એચ.એચ.સી. કોમર્સ (સામાન્ય પ્રવાહ)ના પરિણામની વર્ષવાર માહિતી (ગુજરાતી માધ્યમ)

| વર્ષ | શાળાનું રીઝલ્ટ | બોર્ડનું રિઝલ્ટ | શાળામાં પ્રથમ આવેલ વિદ્યાર્થીઓના નામ | ટકા % | વિદ્યાર્થીની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| માર્ચ-૨૦૧૫ | **૮૧.૨૫ %** | ૫૪.૯૧ | **ઉનડકટ અદિતી એન.(A1ગ્રેડ જિલ્લામાં દ્વિતીય)** | **૯૨.૦૦%** | ૩૨ |
| માર્ચ-૨૦૧૬ | **૮૫.૩૩%** | ૫૫.૮૫ | **ભટ્ટ ઝિલ પલ્લવભાઈ** | **૮૫.૩૩%** | ૩૨ |
| માર્ચ-૨૦૧૭ | **૭૯.૪૯%** | ૫૬૩.૭૮ | **મહેતા નિયતી એમ.** | **૮૦.૧૪%** | ૩૯ |
| માર્ચ-૨૦૧૮ | **૭૬.૨૭%** | ૬૮.૭૮ | **તાપિયાવાલા નીલ એસ.(A1ગ્રેડ જિલ્લામાં દ્વિતીય)** | **૯૧.૩૩%** | ૫૯ |
| માર્ચ-૨૦૧૯ | **૮૬.૨૮%** | ૭૩.૩૧ | **સોલંકી હની એમ.** | **૮૪.૫૭%** | ૫૧ |
| માર્ચ-૨૦૨૦ | **૮૪.૩૮%** | ૭૬.૨૯ | **ચદ્દરવાલા પ્રિયાંશી વી.** | **૮૩.૬૦%** | ૬૪ |

## (5) Std. 12th General Stream Commerce - Yearwise Result (English Medium)

| Year | School Result | Board Result | 1st rank in School | Percentage | Total students |
|---|---|---|---|---|---|
| March 2018 | **60.00%** | 68.96 | Prajapati Nikhil S. | **73.33%** | 5 |
| March 2019 | **100%** | 73.31 | Shah Jay A. | **82.4%** | 6 |
| March 2020 | **84.62%** | 76.291 | Mehta Juhi P. | **81.20%** | 13 |







## (6) HSC વિજ્ઞાન પ્રવાહ બોર્ડમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ લાવનાર ૧૯ વિદ્યાર્થીઓ (ગુજરાતી માધ્યમ)

| વર્ષ | વિષય | ૧૦૦ માંથી ૧૦૦ ગુણ લાવનાર વિદ્યાર્થીઆના નામ | ગુણ |
|---|---|---|---|
| ઓકટો.-૨૦૧૨ ધો. ૧૨ સેમ.-૩ | ગણિત | (૧) દેસાઇ હેમંત જયેશભાઇ (૨) મોદી અંકિત કે. | ૧૦૦ |
| ઓકટો.-૨૦૧૩ ધો. ૧૨ સેમ.-૩ | રસાયણ વિજ્ઞાન | તલાટી જોય એસ. | ૧૦૦ |
| ઓકટો.-૨૦૧૩ ધો. ૧૧ સેમ.-૧ | ગણિત | (૧) મોદી તપન આર. (૨) રાણા કિંજલ ધર્મેશકુમાર (૩) સોલંકી નૈતિક રાજેશભાઇ (૪) પટેલ નિર્મલ જગદીશભાઇ, (૫) પટેલ સ્વપ્નિલ હરેશભાઇ | ૧૦૦<br>૧૦૦ |
| ઓકટો.-૨૦૧૪ ધો. ૧૧ સેમ -૧ | ભૌતિક વિજ્ઞાન | (૧) પટેલ વંદન કિરણભાઇ, (૨) શાહ શિવાની | ૧૦૦ |
| ઓકટો.-૨૦૧૪ ધો. ૧૨ સેમ.-૩ | રસાયણ વિજ્ઞાન | (૧) સોલંકી નૈતિક રાજેશભાઇ, (૨) પટેલ રોનકકુમાર ઠાકોરભાઇ | ૧૦૦ |
| ઓકટો.-૨૦૧૫ ધો. ૧૨ સેમ.-૩ | રસાયણ વિજ્ઞાન<br>ગણિત | (૧) પંડયા નૈસર્ગી ધર્મેન્દ્રકુમાર, (૨) મિસ્ત્રી ખ્યાતિ ચંપકભાઇ<br>(૧) ચદ્દરવાલા કાર્તિક દિલીપકુમાર, (૨) કાયસ્થ દર્શન પંકજભાઇ | ૧૦૦<br>૧૦૦ |
| એકટો.-૨૦૧૫ ધો. ૧૧ સેમ.-૧ | ફીઝીકસ | (૧) રાણા અંકિત એન., (૨) ચૌહાણ રાહુલ એચ., (૩) રાણા પ્રાચી એચ. | ૧૦૦ |

## (7) SSC માં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ લાવનાર ૫૨ વિદ્યાર્થીઓ (ગુજરાતી માધ્યમ)

| વર્ષ | વિષય | ૧૦૦ માંથી ૧૦૦ ગુણ લાવનાર વિદ્યાર્થીઆના નામ |
|---|---|---|
| માર્ચ–૧૯૯૬ | ગણિત | સિધ્ધિવાલા મેહુલ આર. |
| માર્ચ-૨૦૦૧ | ગણિત | (૧) જાદવ અપેક્ષાકુમારી બી., (૨)ચાવડા અર્પિતા આર., (૩)પાઠક બીજલ એચ., (૪) પટેલ બિનિતા ટી., (૫) દેસાઈ દિપ્તી એ., (૬) ગુજ્જર ગૌરાંગસાગર વી., (૭) તાપિયાવાલા ગૃપેશ એચ., (૮) રાણા હિરેન એસ.,(૯) રાણા કેયુર જે., (૧૦)ગાંધી મિકિતા બી., (૧૧)પંડયા મયંક આર.,(૧૨) પટેલ નિશા એસ., (૧૩)ભગત નિતિન પી., (૧૪)દેગડવાલા સ્નેહલ સી., (૧૫)ખંભાતવાલા શ્વેતાંગ ડી., (૧૬)ચૌહાણ ઉપાસના કે., (૧૭)શાહ હિમાંશુ સી. |
| માર્ચ-૨૦૦૫ | કમ્પ્યૂટર | પટેલ હિતુલ કે. |
| માર્ચ-૨૦૦૬ | કમ્પ્યૂટર | પટેલ સની પી. |
| માર્ચ-૨૦૦૭ | ગણિત | ભાવસાર મલય અરૂણકુમાર |
| માર્ચ-૨૦૦૮ | ગણિત | (૧)મોદી કુણાલ નરેશભાઇ, (૨)પટેલ પૂર્વીબેન મિનેશકુમાર |
| | વિજ્ઞાન | મોદી જીનલ કમલેશકુમાર |
| માર્ચ-૨૦૦૯-૧૦ | ગણિત | (૧)મિઠાઇવાલા કુંતેશ અશોકભાઇ, (૨)મોદી મિલિન્દ નૈનેશભાઇ, (૩)પટેલ રોનક દિનેશભાઇ |
| | સંસ્કૃત | પટેલ રોનક દિનેશભાઇ |
| માર્ચ ૨૦૧૦-૧૧ | ગણિત | (૧)પટેલ દિવ્યેશ જે., (૨)સોલંકી હિનલ યુ., (૩)તાપિયાવાલા હર્ષ કે., (૪)પંચોલી યેશા બી. |
| માર્ચ ૨૦૧૧-૧૨ | ગણિત | (૧)હાંડીવાલા પાર્થ આર., (૨)દેસાઇ હેમંત જયેશકુમાર, (૩)રાણા જય નરેન્દ્રભાઇ, (૪)કોન્ટ્રાકટર કરણ રાહુલકુમાર, (૫)મહેતા ખુશ્બુ કાંતિલાલ, (૬)પટેલ ખ્યાતિ કમલકાન્ત, (૭)શાહ નૈશી ગૌરાંગભાઇ |
| માર્ચ ૨૦૧૨-૧૩ | ગણિત | (૧) રાણા રોનક અશોકકુમાર, (૨)કટારીયા કુંજકુમાર વિનોદભાઇ, (૩)પટેલ ધ્રુવીશાબેન એ., (૪)શાહ નુપૂર સમીરકુમાર, (૫)મિસ્ત્રી આદિત્ય કે., (૬)મોદી નિધીબેન જે., (૭)સોની જાનવી જે., (૮)તાપિયાવાલા વિશ્વા એચ., (૯)ચૌહાણ યશેશ એસ., (૧૦)લાલપુરવાળા જય ડી. |
| | વિજ્ઞાન | શાહ નૂપુર સમીરકુમાર |
| માર્ચ ૨૦૧૯-૨૦ | સમાજ | પટેલ નેહા વાય. |







## (8) S.S.C. બોર્ડની પરીક્ષામાં A1 ગ્રેડમાં ૯૦% થી વધુ ગુણ લાવનારા ૯૩ વિદ્યાર્થીઓ (ગુ.મા.)

| વર્ષ | વિદ્યાર્થીનું નામ | ટકા | વર્ષ | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|---|---|---|
| માર્ચ ૧૯૯૭ | શાહ યામિની સી. | 91% | | શાહ નૈશી જી. | 90.4% |
| માર્ચ ૧૯૯૯ | પરમાર વૈશાલી એચ. | 92.42% | | જારીયા આરતી જે., પંડયા ધ્રુવી ડી. | 90% |
| માર્ચ ૨૦૦૦ | મહેતા જીગર એમ. | 90.57% | માર્ચ ૨૦૧૨ | શાહ નુપુર સમીરકુમાર | 95% |
| માર્ચ ૨૦૦૧ | ચૌહાણ ઉપાસના કે. | 93% | | પ્રજાપતિ મહેશ્વરી ટી. | 91.6% |
| | પટેલ સ્વાતિ વી. | 92% | | સિધ્ધપુરા નિરાલી પી. | 91.6% |
| | ગાંધી મિકિતા બી. | 92% | | તાપિયાવાલા વિશ્વા એમ. | 91.4% |
| | રાણા હિરેન એસ. | 92% | | ટેલર વિશ્વા એન. | 91.2% |
| | શાહ હિમાંશુ સી. | 93% | | પટેલ ધ્રુવીશા એ. | 91.2% |
| | દેસાઈ દિપ્તી એ. | 92% | | વસાવા મિતાલી એસ. | 91.2% |
| | ગુજ્જર ગૌરાંગસાગર વી. | 92% | | ખૂંટ મિતકુમાર આર., મોદી નિધીબેન જે. | 91% |
| માર્ચ ૨૦૦૨ | શાહ સંકેત કે. | 91% | | પટેલ મિતુલ એ. | 90.4% |
| | શાહ મલય બી. | 92.57% | | કટારિયા કુંજ વી. | 90.2% |
| માર્ચ ૨૦૦૩ | ચોકસી રૂચિતા બી. | 91.97% | | ચૌહાણ યશેશ એસ. | 90% |
| | મહેતા સૌમિલ બી. | 92.% | માર્ચ ૨૦૧૩ | મોદી તપન આર. | 93.83% |
| માર્ચ ૨૦૦૫ | પટેલ તેજસ આઇ. | 90.57% | | જાદવ કૃતિકા એસ. | 92.83% |
| | પટેલ હિતુલ કે. | 90.10% | | પ્રજાપતિ ઋત્વિક ટી. | 92.33% |
| માર્ચ ૨૦૦૬ | મહેતા હાર્દિક એચ. | 91.28% | | મકવાણા કેયૂરી જે. | 92% |
| | શાહ બિજલ આર. | 91.14 | | રાણા પંક્તિ એન. | 91.83 |
| | પટેલ દિવ્યા એન. | 90.71% | | પટેલ નિર્મલ જે. | 91.66 |
| | ગાયકવાડ જૈમિન આર. | 90.42% | | ચદરવાલા કેવિન એસ. | 91% |
| | જીવાવાલા જૈનિષ એ. | 90.42% | | વાસદિયા સિધ્ધરાજસિંહ એ. | 90.83 |
| | રાણા જયપાલસિંહ એ. | 90.4% | | સોલંકી નૈતિક આર. | 90.67% |
| | રાણા પિયુષ આર. | 90.14% | | પટેલ રોનક ટી. | 90.67% |
| માર્ચ ૨૦૦૭ | પટેલ ભાવિક આર. | 90.42% | | મોદી મોનિલ એસ. | 90.67% |
| માર્ચ ૨૦૦૮ | શાહ મિલિન્દ નીતીનકુમાર | 93.74% | માર્ચ ૨૦૧૪ | ઉનડકટ પ્રથિતિ નલિનભાઇ | 93% |
| | તાપીઆવાલા અવની હર્ષદકુમાર | 92.77% | | મોદી શિવાંગી ધર્મેન્દ્રકુમાર | 92.3% |
| | મોદી જીનલ કમલેશકુમાર | 91.54% | | રાણા પ્રાચી દિનેશકુમાર | 92% |
| | સોનવણે હેમાંગી વિનોદકુમાર | 91.38% | | પંચોલી રિયા હરનીશકુમાર | 91.5% |
| | મહેતા દર્પણ અશોકકુમાર | 91.00% | | રાણા યાચના સુરેન્દ્રભાઇ | 91% |
| | મોદી કુણાલ નરેશકુમાર | 90.92% | | પટેલ વિશ્વા પ્રદીપભાઇ | 90.66% |
| માર્ચ ૨૦૦૯ | પંચાલ વિધિ ઠાકોરભાઇ | 91.69% | | મોદી નિરાલી ઘનશ્યામભાઇ | 90.1% |
| | મોદી મિલિન્દ એન. | 91.54% | | કટારીયા આર્ચી વિનોદભાઇ | 90% |
| | રાણા પ્રશાંત સી. | 90.62% | | કાયસ્થ દર્શન પકજભાઇ | 90% |
| માર્ચ ૨૦૧૦ | ગાંધી આયુષ બી. | 92.6% | માર્ચ ૨૦૧૫ | ચૌહાણ રાહુલ હર્ષદભાઇ | 92.66% |
| | ભરૂચા પારસ આર. | 91.23% | | રાણા હર્ષ મનિષકુમાર | 91.16% |
| | પટેલ દિવ્યેશ જે. | 90.77% | માર્ચ ૨૦૧૬ | મોદી નેવિલ ડી. | 95.33% |
| માર્ચ ૨૦૧૧ | રાણા જય એન. | 94% | માર્ચ ૨૦૧૭ | મોદી કુંજ એમ., પટેલ શશાંક આર. | 90.00% |
| | દેસાઇ હેમંત જે. | 93.6% | માર્ચ ૨૦૧૮ | દેશપાંડે મોહિની જે. | 93.33% |
| | મહેતા ખુશ્બુ કે. | 93% | | જાદવ ક્રિશ્ના | 91.50% |
| | ચોકસી હિમાંશુ સી. | 92.2% | માર્ચ ૨૦૧૯ | જાદવ કૃક્ષિકા આર. | 90.67% |
| | રામજીવાલા હિમાની એચ., મોદી અર્પિત કે. | 92% | માર્ચ ૨૦૨૦ | રાજ ધ્રુવીકુંવરબા આર. | 94.33% |
| | રાણા રોનક એ. | 91.6% | | પટેલ નેહા વાય. | 93.33% |
| | મોદી અંકીત કે. | 91.4% | | માહયાવંશી મુકિત આર. | 91.67% |
| | શાહ પિંકલ સી. | 91.2% | | મોદી જૈનિલ જી. | 90.67% |
| | જાદવ પ્રિયંકા આર. | 91.2% | | | |

## (9) H.S.C. વિજ્ઞાન પ્રવાહમાં A1 ગ્રેડ મા ૯૦% થી વધુ ગુણ લાવનાર ૧૬ વિદ્યાર્થીઓ (ગુ.મા.)

| વર્ષ | વિદ્યાર્થીઓના નામ | ટકા |
|---|---|---|
| માર્ચ -૨૦૦૯ | મારૂ જયદીપ વિનોદચંદ્ર | ૯૨.૬૩% |
| માર્ચ ૨૦૧૦ | ઝાડેશ્વરીયા નિકુંજ એચ. | ૯૧% |
| માર્ચ-૨૦૧૧ | રાણા પ્રશાંત ચંદ્રકાન્ત | ૯૩.૯૫% |
| | તમાકુવાલા અમિત રાજુભાઇ | ૯૩.૯૫% |
| માર્ચ ૨૦૧૨ | આસ્તિક રાહુલ ભદ્રેશકુમાર | ૯૧% |
| | મહિડા ધરમવીર પ્રવિણસિંહ | ૯૩.૬% |
| | પટેલ દિવ્યેશ જગદીશકુમાર | ૯૦.૭% |
| ઓક્ટો. ૨૦૧૩ ધો. ૧૧ સેમ. ૧ | પ્રજાપતિ મહેશ્વરી ઠાકોરભાઇ | ૯૧% |
| માર્ચ -૨૦૧૩ સેમ.-૧ | મોદી તપન રજનીકાંત | ૯૪.૮% |
| | પ્રજાપતિ ઋત્વિક તારક | ૯૨.૬% |
| | દેસાઇ પ્રાચી મિનેષકુમાર | ૯૦.૪% |
| ઓક્ટો. -૨૦૧૪ ધો. ૧૧ સેમ. ૧ | પટેલ વંદન કિરણભાઇ | ૯૪.૨% |
| ઓક્ટો.-૨૦૧૪ ધો.-૧૨ સેમ. ૩ | મોદી તપન રજનીકાંત | ૯૨% |
| | સોલંકી નૈતિક રાજેશભાઇ | ૯૦% |
| માર્ચ-૨૦૧૪ સેમ. ૪ | મોદી તપન રજનીકાંત | ૯૨% |
| માર્ચ-૨૦૧૬ | રાણા પ્રાચી એચ. | ૯૧.૭૧% |







## (10) H.S.C. Commerce સામાન્ય પ્રવાહમાં A1 ગ્રેડ માં ૯૦% થી વધુ ગુણ લાવનાર ૨ વિદ્યાર્થીઓ (ગુ.મા.)

| વર્ષ | વિદ્યાર્થીઓના નામ | ટકા |
|---|---|---|
| માર્ચ-૨૦૧૫ | ઉનડકટ અદિતી એન. (જીલ્લામાં બીજો) | ૯૨% |
| માર્ચ-૨૦૧૮ | તાપિયાવાલા નીલ એસ. (જીલ્લામાં બીજો) | ૯૧.૩૩% |

Self confidence is a super power.

## (૬) શાળાની સિધ્ધિઓ, પારિતોષિક, જિલ્લા-રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ ભાગ લીધેલ સ્પર્ધા અને વિજેતા વિદ્યાર્થીઓના નામ જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ શાળાને મળેલ પારિતોષિક

| તારીખ | પારિતોષિકની વિગતો |
|---|---|
| Aug-07 | અત્રેની શાળાને ભરૂચ જિલ્લાની શ્રેષ્ઠ શાળા –**૧૦૦૦૦રૂ.નું** ઈનામ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ગુજરાત સરકાર તરફથી |
| 16/7/10 | વિદ્યાલક્ષ્મી બોન્ડ અંતર્ગત બોર્ડની પરીક્ષામાં સારા ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ સંઘાણી પૂર્વી, પટેલ નૂપુર, જોશી વૃંદાને **૫૦૦૦ રૂ.નું પુરસ્કાર** આપવામાં આવ્યું હતું. |
| 27/3/14 | ભરૂચ જિલ્લાની શ્રેષ્ઠ શાળા (દ્વિતીય ક્રમ) શાળાના આચાર્યશ્રી ડૉ.ભગુભાઈ પ્રજાપતિ તથા ચેરમેનશ્રી હેમંતભાઈ પ્રજાપતિને સરકારશ્રી તરફથી ભરૂચ જિલ્લા DEO શ્રી આર.જે.માછી સાહેબના વરદ્દહસ્તે **૧,૦૦,૦૦૦ (એક લાખ)** રૂ.ના ઈનામનો ચેક આપવામાં આવ્યો. |
| 6/8/14 | કન્યા કેળવણી અંતર્ગત માર્ચ–૨૦૧૩ અને માર્ચ–૨૦૧૪માં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું શાળાનું ૧૦૦% રિઝલ્ટ હતું. જેમાં ૧૦૦% કન્યાઓ પાસ થઈ. જે અંતર્ગત ગાંધીનગર ખાતે શાળાને **મા.શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના** વરદ્દહસ્તે **૧૧૦૦૦ રૂ.નું પુરસ્કાર** અને પ્રમાણપત્ર પ્રાપ્ત થયું. |
| 21/3/15 | ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું માર્ચ–૨૦૧૪નું રિઝલ્ટ ૧૦૦% હતું. કન્યા કેળવણી અંતર્ગત મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલ કાર્યક્રમમાં **મા. મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ**ના હસ્તે **રૂ.૫૦,૦૦૦ નું** પુરસ્કાર શાળાને પ્રાપ્ત થયું જેમાં આચાર્યશ્રી ડૉ.ભગુભાઈ પ્રજાપતિ હાજર રહ્યા હતા. |
| 2015-16 | મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ શાળાના વિદ્યાર્થી મોદી તપન આર. તથા પટેલ નિર્મલ જે. ને ૫૫૦૦૦/– રૂા. ની સ્કોલરશીપ મળી હતી. |
| 2020-21 | **કોવિડ-૧૯ અંતર્ગત ચિત્ર સ્પર્ધા** માં ધો.૧૨ કોમર્સ (અં.મા.)નો વિદ્યાર્થી **શુભમ્ જાદવને શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાના** હસ્તે **રૂા. ૨૫૦૦૦/- રાજયમાં વિજેતા** થવા બદલ ઈનામ મળ્યું. તેમજ જિલ્લામાં **પ્રથમ** આવવા બદલ **રૂા. ૧૫૦૦૦/-** ઈનામ મળ્યું. |

## જીલ્લા અને રાજયની વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા વિદ્યાર્થીઓને મળેલ પારિતોષિક













| તારીખ | સ્પર્ધાનું નામ | વિદ્યાર્થીનું નામ | પરિણામ | ઈનામની રકમ(રૂા.) |
|---|---|---|---|---|
| 26/1/09 | ચિત્રસ્પર્ધા | વસાવા શ્રુતિ એસ. | – | 1000 |
| 25/1/12 | પોસ્ટર સ્પર્ધા | રાણા કરણ એચ. | દ્વિતીય | 10000 |
| 25/1/12 | જીંગલ ગીત | કોન્ટ્રાકટર તેજસ | તૃતીય | 5000 |
| 16/1/14 | વકતૃત્વ સ્પર્ધા | ઠાકર યશ ડી.<br>રાઠોડ વૃંદા | પ્રથમ<br>દ્વિતીય | 751 |
| 26/1/15 | જીંગલ ગીત | ચૌહાણ પ્રણવ આર.(ગ્રુપ) | – | 1200 |
| 17/7/16 | મહેંદી સ્પર્ધા | ચૌહાણ ધ્રુવિકા આર.<br>સોની ગ્રીષ્મા એ. | દ્વિતીય<br>તૃતીય | 2100<br>1100 |
| 21/10/16 | બાળકવિ | પટેલ મોસમી આર. | દ્વિતીય | 800 |
| 08/08/17 | લેટર રાઈટિંગ | મહેતા વૈષ્ણવી એન.<br>મકવાણા મૈત્રી વી. | પ્રથમ<br>દ્વિતીય | 1000<br>800 |
| 26/1/18 | સર્જનાત્મક કારીગરી | પટેલ યેશા જી. | પ્રથમ (રાજય) | 2500 |
| 10/10/18 | કિવઝ સ્પર્ધા | પટેલ ધ્રુવિકા એ. | પ્રથમ | 850 |
| 28/12/18 | NFS ગેમ | ખંડેલ પલાસ જે. | પ્રથમ | 1000 |
| 04/0919 | ચેસ | રાણા રેશમ એન. | દ્વિતીય | 2000 |
| 19/09/19 | કરાટે | ચૌહાણ સુજલ પી. (૭ બ)<br>ચૌહાણ ભવ્ય પી. (૬ અ)<br>જાદવ સ્વયંમ એસ. (૬ અ) | પ્રથમ<br>દ્વિતીય<br>તૃતીય | 3000<br>2000<br>1000 |
| 7,8/11/19 | સર્જનાત્મક કારીગીરી | પટેલ યેશા જી. (૮ બ) | પ્રથમ(પ્રદેશકક્ષા) | 2000 |
| 27/12/19 | સર્જનાત્મક કારીગીરી | પટેલ યેશા જી. (૮ બ) | પ્રથમ (રાજય) | 2500 |
| 23/01/19 | લગ્નગીત | પઢિયાર હેત્વી સી. (૪ બ) | પ્રથમ | 1000 |
| 24/01/20 | લોકવાર્તા | મોદી અશ્વિની એન.(૮ બ) | પ્રથમ | 1000 |
| 24/01/20 | ચિત્રકામ | રાણા પંકિત એ. (૮ અ) | પ્રથમ | 1000 |
| 24/01/20 | દોહા–છંદ–ચોપાઈ | પરમાર ત્વિષા એમ.(૮ અ) | પ્રથમ | 1000 |
| 25/01/20 | યુવા મતદાર મહોત્સવ | જાદવ શુભમ યુ. (11 EM) | પ્રથમ | 2500 |
| 4/09/20 | ચિત્રસ્પર્ધા | જાદવ શુભમ યુ. | રાજયમાં પ્રથમ | 25000 |
| 26/10/20 | ચિત્રસ્પર્ધા | જાદવ શુભમ યુ. | જિલ્લામાં પ્રથમ | 15000 |
| 27/11/20 | ચિત્રસ્પર્ધા | રાણા પંકિત એ. | દ્વિતીય | 11000 |













# રાજય કક્ષાએ મેળવેલી શાળાની સિધ્ધિઓ (પુરસ્કાર)

| તારીખ | વિગત |
|---|---|
| 1992-93 | મિતુલ ડી.શાહ વિજ્ઞાનમાં 96% ગુણ સાથે ગુજરાત રાજયમાં આઠમા ક્રમે આવી 250 રૂા.નું પુરસ્કાર મેળવ્યું |
| 1997-98 | ધો.૯ની વિદ્યાર્થીની વૈશાલી પરમાર એ ગણિત પ્રખરતામાં રાજયમાં દશમું સ્થાન મેળવ્યું. |
| 1998-99 | ધો.૧૦ની વિદ્યાર્થીની વૈશાલી પરમાર એ ગણિત પ્રખરતામાં રાજયમાં આઠમું સ્થાન મેળવ્યું. |
| 2000-01 | ધો.૮ના વિદ્યાર્થી દેગડવાલા અંકુરે અંગ્રેજી વિષયમાં 98.57% ગુણ મેળવી રાજયમાં પાંચમો ક્રમ મેળવ્યો |
| 4-6/11/03 | રાજયકક્ષાના વિજ્ઞાનમેળામાં ગાંધીનગર ખાતે રોનક એ. શાહ અને કેયુર કાપડિયા એ વિભાગ–૪માં પ્રોકસીમિટી સેન્સર કૃતિમાં ભાગ લીધો.કન્વીનરઃ પરેશભાઈ પટેલ |
| Jan.-03 | ૩૫ માં  યુવક મહોત્સવમાં રાજય કક્ષાએ શાળાના શિક્ષક શાહ કિન્નરી આર. એ શીઘ્ર વકતૃત્વમાં દ્વિતીય નંબર સોની શ્રુતિ વી.એ હળવું કંઠય સંગીતમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો. |
| 2005 | ગુજરાત પ્રવાસ નિગમ આયોજિત કિવઝ સ્પર્ધામાં અમદાવાદ ખાતે પટેલ હિતુલ અને શાહ ગૌરવે ચોથો ક્રમ મેળવ્યો. |
| 9/10/05 | રામાનુજન ગણિત સ્પર્ધા, અમદાવાદ મુકામે પટેલ હિતુલ અને પરમાર જિજ્ઞેશ ભાગ લઈ પસંદગી પામ્યા. કન્વીનરઃ બિનિતાબેન |
| 16/11/05 | ગણિત–વિજ્ઞાન પ્રદર્શનમાં વિરાયતન વિદ્યાપીઠ,કચ્છ મુકામે પટેલ હિતુલ અને પટેલ તેજસ એ ભાગ લીધો હતો. કન્વીનરઃબિનિતાબેન ગોહિલ |
| 9/10/06 | ફોરમ આયોજિત અખિલ ગુજરાત ગરબા સ્પર્ધામાં શાળાની ૧૪ વિદ્યાર્થીનીઓએ ભરૂચ હોસ્ટેલ ગ્રાઉન્ડ મુકામે ભાગ લીધો. કન્વીનર વંદનાબેન, બિનિતાબેન |
| 5-9/11/06 | ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં સુરત મુકામે શાહ મૃણાલ એમ.અને પટેલ મેઘા કે. એ ભાગ લીધો હતો. કન્વીનરઃ જયોતિબેન મજિઠિયા |
| 23,24/11/06 | રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ(NCSC)માં ભટ્ટ ચાંદની એ અમદાવાદ સાયન્સ સીટીમાં પોતાનો પ્રકલ્પ રજૂ કર્યો. કન્વીનરઃ કુસુમબેન માવર |
| 26,28/12/06 | યુવક મહોત્સવમાં ચીમનભાઈ પરમારે સિધ્ધપુર પાટણ મુકામે ભાગ લીધો. |
| 16-18/11/07 | પોલીસ તાલીમ શાળા આયોજિત શિબિર,વડોદરા દ્વારા યોજાઈ. જેમાં શાળાના ચાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો. ગઢવી દિવ્યરાજસિંહ, નાઈ ધવલ, રાણા ધવલ, પરમાર ધવલ |
| 27-30/11/07 | શ્રી ભરાડ વિશ્વ વિદ્યાપીઠરાજકોટ ખાતે પટેલ યાતિ એમ., ચૌહાણ માનસી, મારૂ જયદીપ અને મકવાણા શિલ્પેશ એ. વિભાગ–૧ અને વિભાગ 5B ની કૃતિમાં ભાગ લીધો. માર્ગદર્શક શિક્ષક : પરેશભાઈ પટેલ, અલ્પેશભાઈ પટેલ |
| 12,13/11/08 | રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન કોંગ્રેસ (NCSC)માં શાહ અનેરી એ અમદાવાદ સાયન્સ સીટીમાં પોતાનો પ્રકલ્પ રજૂ કર્યો. કન્વીનર : કુસુમબેન માવર |
| 23-26/11/08 | ગણિત–વિજ્ઞાન પ્રદર્શનમાં હિંમતનગર મુકામે શાહ અપેક્ષા, વ્યાસ ત્રેધા એ ભાગ લીધો હતો. કન્વી.: કુસુમબેન માવર |
| 27/1/09 | ઈકોકલબ સ્પર્ધામાં ગાંધીનગર મુકામે ગાંધી આયુષ, રાણા પ્રશાંતે ભાગ લઈ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. કન્વીનર : કમલેશભાઈ ડામોર |
| 5/2/09 | નેશનલ સાયન્સ સેમિનાર, ગાંધીનગર મુકામે જારિયા આરતી એ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો. કન્વીનર : વંદનાબેન ભાભોર, બિનિતા ગોહિલ |
| March 2009 | ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહ માર્ચ ૨૦૦૯ની બોર્ડની પરીક્ષામાં શાળાનો વિદ્યાર્થી મારૂ જયદીપ વી.એ  જિલ્લાના ટોપટેનમાં પાંચમો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. |
| March 2010 | ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ માર્ચ ૨૦૧૦ની બોર્ડની પરીક્ષામાં શાળાનો વિદ્યાર્થી ઝાડેશ્વરિયા નિકુંજ એચ. જિલ્લાના ટોપટેનમાં બીજો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. |
| 22-26/11/10 | ગણિત–વિજ્ઞાન પ્રદર્શનમાં અમદાવાદ સાયન્સ સીટી મુકામે ઉનડકટ અદિતિ અને રાજ ભાર્ગવી એ સંચાર ક્ષેત્રે અદભૂત આવિષ્કાર કૃતિ રજૂ કરી હતી. કન્વીનર : કિરણભાઈ પટેલ |
